श्री कुलक संग्रह.

छपावी प्रसिद्ध करनार,

शा. बालाभाई ककलभाई.

मांडवीनी पोळ, नागजी भुदरनी पोळ—अमदावाद.

प्रथमावृत्ति—प्रत १०००]   किंमत रू. ०—७—०.   [सने १९१५—संवत १९७१

अमदावाद शाहापुर नवी पोळमां पटेल दलपतराम मकनदासे
पोताना श्री प्रजाहितार्थ मुद्रालयमां छाप्यो.

☛ आ पुस्तक छपावी प्रसिद्ध करवामां नीचे मुजब मदद मळी छे ते तेमना उपकार साथे घणा मानपूर्वक स्वीकारवामां आवी छे. तेटली कींमतनां पुस्तको तेमनी तरफथी साधु साधवी विगेरेने भेट आपवामां आवशे.

रू. ५०) सौभाग्यवंती बेन रतनबेन (शेठ. मणीभाई दलपतभाईनी पत्नी) तरफथी.

रू. ५०) सौभाग्यवंती बेन मोतीबेन (शेठ. जगाभाई दलपतभाईनी पत्नी) तरफथी.

रू. ५०) शेठ. दलपतभाई मगनभाईनी दीकरी सरस्वती बेन तरफथी.

प्रस्तावना.

आ नाना पुस्तकमां पूर्वाचार्य प्रणीत जूदा जूदा अगत्यना विषयो संबंधी सत्तर कुलकोनो संग्रह करवामां आव्यो छे. तेमां पहेला गुणानुराग कुलकमां दरेक साधु साधवी श्रावक श्राविका तेमज बीजा कोइ पुरुषमां जे जे सद्गुण जोवामां आवे तेने गुणदृष्टिथी ग्रहण करवा खास भलामण करवामां आवी छे. तेना [गुणानुराग कुलकना] तथा त्रीजा संविज्ञ साधुयोग्य नियम कुलक के जेमां 'संयमवंत' भावित आचार्यादिक महापुरुषो उत्तम वैराग्ययोगे देशकाळ अनुसारे जे जे आचार विचार सेवी शके तेनुं आचरण पूर्वक वर्णन करवामां आव्युं छे. आ बंने कुलकना कर्त्ता श्रीमान् मुनिसुंदरसूरिजीना पूज्य गुरु महाराज श्री सोमसुंदरसूरिराज छे. हवे आत्रा चारित्र पात्र महापुरुषोनां पवित्र दर्शन करी भावना उल्लासथी जे स्तुति करवानी छे तेनुं टुंक

वर्णन बीजा गुरु प्रदक्षिणा कुलकमां करवामां आवेलुं छे. पुण्य कुलकमां पुण्य प्रकृतिना योगे केवी केवी सारी सामग्रीओ मेळवी शकाय छे ते जणाववामां आव्युं छे. दान, शील, तप अने भावना कुलकोमां ते ते दानादिक धर्मनो महिमा अने तेना आराधक उत्तम पुरुषोनां दृष्टांत आपवामां आव्यां छे जे आत्मार्थी जनोने 'अनुकरण' करवा योग्य छे. आ 'चारे' कुलकोना कर्त्ता तप गच्छनायक श्री जगचंद्रसूरिजीना पटोधर श्रीमान् देवेंद्रसूरिजी छे. अभव्य कुलकमां कया कया गुणो अभव्य जीव न पामे तेनुं वर्णन करेलुं छे. पुण्य पाप कुलकने विषे धर्मकरणी करवाथी केवा प्रकारना फायदा अने पाप आचरण करवाथी केवा गेरफायदा थाय छे तेनी हकीकत आवे छे. श्रीमद् गौतमऋषिकृत गौतम कुलकने विषे प्रस्ताविक गुणोथी थता लाभ तथा दोषोथी थता गेरलाभ विषे अमूल्य गाथाओवडे सारो उपदेश आप्यो छे.

आत्मावबोध कुलक श्रीमत् जयशिखरसूरिए रचेलुं छे अने तेमां अध्यात्म ज्ञान विषे संक्षेपमां घणो सुंदर बोध आपेलो छे. जीवानुशास्ति कुलकमां जीवने संसार उपरथी वैराग्य थवानी सारी शीखामण आपी छे. इंद्रियादि विकार निरोध कुलकमां इंद्रियोना विकारोने रोकवानो बोध कर्यो छे. कर्म कुलकने विषे कर्म विपाकथी थता फळनो दृष्टांत साथे उत्तम उपदेश आपी कर्मनी आस्था दृढ करी बतावी छे. दशश्रावक कुलकमां दसे श्रावकोनुं वर्णन संक्षेपमां करी बताव्युं छे अने इरियावहि कुलकमां इरियावहिना [३०४९२०] भांगावडे मिच्छामि दुक्कडं दीधुं छे.

आ कहेलां सत्तर कुलको मधेनां पहेलुं गुणानुराग कुलक वारंवार समजीने वांचतां मने एम लाग्युं के जेटलां कुलको मळी आवे तेटलां बधांनो जो एक पुस्तकमां संग्रह करवामां आवे तो

साधु साधवी श्रावक श्राविका जे तेमनो लाभ लेवा उत्सुक होय तेमने घणी सगवड थइ पडे. एवामां श्रेयस्कर मंडळ तरफथी आठ कुलकोनो संग्रह बहार पडेलो मळ्यो, तेम छतां शोध करतां मालम पडयुं के हजु ते सिवाय बीजां नव कुलको बाकी रहे छे तेथी उपर लखेली कुलक संग्रह, अमदावाद विद्याशाळावाळी प्रकरणमाळाओ, मास्तर भोगीलाल ताराचंदवाली प्रकरणमाळा तथा आत्मावबोध कुलक विगेरे पुस्तकोनी मदद लेइ आ नाना पुस्तकमां कुलकोनो संग्रह करवामां आव्यो छे; माटे सदरहु पुस्तकोना प्रसिद्ध कर्त्ताओनो हुं तेमना पुस्तकोनी मदद माटे उपकार मानुं छुं. तेमां श्रेयस्कर मंडळवाळा कुलक संग्रहमां मागधी भाषामां रचेला कुलकोनो गुजरातीमां भावार्थ लखी आपनार शांतमूर्ति श्रीमान् कर्पूरविजयजी महाराज साहेबनो अंतःकरण पूर्वक उपकार मानुं छुं अने आ कुलक संग्रह मधेनां जीवानुशास्ति, इंद्रियादि विकार निरोध, कर्म, दशश्रावक अने इरियावहि ए पांच कुलक मूळने घणो श्रम लेइ सुधारनार तथा गुजराती भाषांतर करी आपनार पंडितजी सुखलालजी संघजीभाइ तथा भगवानदास हरखचंदनो सविनय अंतःकरण पूर्वक आभार मानुं छुं.

आ पुस्तकनो अंदर कानो, मात्रा, मींडी विगेरे जे कांइ जिनाज्ञा विरुद्ध लखाण लखाणुं होय अथवा प्रुफ सुधारतां दृष्टि दोषथी जे भूल रही गइ होय तेने माटे चतुर्विध श्रीसंघनो पासे हुं मिथ्या दुष्कृत मागुं छुं. वळी आ ग्रंथने उंचे आसने मूकी मुखे यत्ना राखीने वांचवा मारी नम्र भलामण छे.

ली. श्रीसंघनो दासानुदास,

ता. १०-४-१५.

शा. बालाभाई ककलभाई.

मांडवीनी पोळ, नागजी भुदरनी पोळ-अमदावाद.

☞ आ पुस्तकनी अनुक्रमणिका छेल्ले पाने जूओ.

शुद्धिपत्रक.

पानुं.	बाजु.	लीटी.	अशुद्ध.	शुद्ध.
२	१	४	दोषं	दोसं
२	१	३	देहाणु	देहाणं
३	१	७	घरइ	धरइ
३	१	८	सव्वुत्तमुत्तमा	सव्वुत्तमुत्तमो
३	१	८	पण	पुण
३	१	१२	पाव	पावं
३	२	६	नयरइ	नायरइ
३	२	६	यरइ	चरइ
५	१	६	पइं	तइं
८	२	४	सठ्ठी	अठ्ठो
११	१	९	गिन्हे	गिण्हे
१७	२	१२	मूलं	मुलं
१८	२	१३	विच्छरिअं	वित्थरिअं
१९	२	४	मत्तारवत्तेसु	सत्तखित्तेसु
२३	१	१	प्रबळ ध्यानरुप	तप अने प्रबळ ध्यानना
२६	१	४	अहलाओ	अफलाओ
२७	१	३	'मामतुम'	'मासतुस'
३०	२	१	मो	सो
३१	२	१०	वृत	व्रत
३२	१	७	सुराउबंधे	सुराओ बंधो
३३	२	१	प्रणामीने	परिणामीने
३७	२	१४	कुटुंब	कुडुंब
३९	१	६	सप्पुत्तो	सुप्पुत्तो
३९	१	६	कुटुंबं	कुडुंबं
३९	२	१०	निरता	निरया
४५	२	१	अक्खाओ	जक्खाओ
४८	१	५	विव्रहार	वि(व)वहार
४८	१	७	महावीरजीरना	महावीरजीनना
४८	२	१२	सभो	समो
४९	२	३	सवि	सव्वेवि
५१	२	३	पांचमो	पांचसो
५१	२	९	करणकारण	करणकारवण

जाहेर खबर.

सर्वे जैन बंधुओने खबर आपवामां आवे छे के श्री आद्य जैन धर्म प्रवर्तक सभा तरफथी प्रगट थएलां नीचेनां पुस्तको नीचे लखेले ठेकाणेथी रोकडेथी मळी शकशे. परदेशवाळाने टपाल खरच जूदुं पडशे.

जीवविचार (गाथा मूळ सळंग ग्रेट लाइन पैका टाइपथी) गाथाओना छूटा शब्दोना अर्थ. गाथा मूळ, शब्दार्थ, विस्तारार्थ तथा तेना छूटा बोल. (छपाय छे.) किंमत रु. ०–४–६

नव तत्त्व [गाथा मूळ सळंग ग्रेटलाइन पैका टाइपथी] गाथाओना छूटा शब्दोना अर्थ, गाथा मूळ, शब्दार्थ, विस्तारार्थ तथा तेना छुटा बोल. पाका पुंठावाळी. किंमत रु. ०–८–०

जीवविचार प्रकरण (गाथा मूळ ग्रेट लाइन पैका टाइपथी). किंमत रु. ०–०–९.

नवतत्त्व प्रकरण (गाथा मूळ ग्रेट लाइन पैका टाइपथी) किंमत रु. ०–१–०.

दंडक तथा लघु संघयणी (गाथा मूळ ग्रेट लाइन पैका टाइपथी) किंमत रु. ०–१–३.

जीवविचार, नवतत्त्व, दंडक तथा लघु संघयणी [गाथा मूळ ग्रेट लाइन पैका टाइपथी] किंमत रु. ०–३–०.

दंडक तथा लघु संघयणी [गाथा मूळ सळंग ग्रेटलाइन पैका टाइपथी] गाथाओना छूटा शब्दोना अर्थ, गाथा मूळ, शब्दार्थ विस्ताराथ तथा तेना छुटा बोल पाका पुंठावाली. किंमत रु. ०–६–०.

श्री वीश स्थानक तप कथा संग्रहः–तेनी अंदर वीसे स्थानक उपर वीस जूदी जूदी घणी असरकारक कथाओनो समावेश थएलो छे. किंमत रु. ०–१२–०

भाष्यत्रयम्ः–तेनी अंदर त्रणे भाष्यो मूळ, शब्दार्थ छुटा शब्दोना अर्थ तथा विस्तार साथे अर्थ आपेलो छे. मूळनी गाथा मोटा ग्रेटलाइन पैका टाइपथी छापेली छे. किंमत रु. १–०–०

चतुर्विंशति जिन स्तुति देशना संग्रह नामे पुस्तक शास्त्री लीपिमां प्रतना आकारे बहार पडयुं छे जेनी अंदर त्रिशष्ठि शलाका पुरुष चरित्रमांथी चोवीसे तिर्थंकर भगवाननी जन्म वखते अने केवळज्ञान वखत इंद्रमहाराजे करेली स्तुतिओनो तथा तेमनी केवळ-ज्ञान थया बाद पेहेली देशनाओनो समावेश थाय छे. वळी तेमां आवेला अघरा श-ब्दोना अर्थ पण दाखल कर्या छे, जे वांचीने समजतां सरळता पडे. किंमत रु. ०–१२–०

जैन बोल संग्रह भाग १ लो नामे पुस्तक गुजराती लीपिमां नानाकदमां बहार पडयुं छे. तेमां मार्गा-नुसारीना ३५ बोल, भवाभिनंदी जीवोनां लक्षण, मिथ्यात्वना बोल, समकितना ६७ बोल, श्रावकना २१ गुण, भावश्रावकनां लक्षण, पांत्रीस बोलनो थोकडो, पांच महाव्रतनी २५ भावना, भाव साधुनां ७ लिंग, चरण सित्तरी करण सित्तरीना बोल, साधुने गो-चरीना ४२ दोष, ५ मांडलिक दोष, जीवने स्वरुपनुं ध्यान, जीवना ५६३ अने अजीवना ५६० भेद, अरिहंत भगवानना ३४ अतिशय, ३५ वाणी गुण, पंचपरमेष्ठीना १०८ गुण, बाकीना ४ पदना गुण, चार ध्यान, तथा परचुरण बोलनो विस्तार, साधु साध्वीने खपना बोल विगेरेनो समावेश थयेलो छे. ते श्रावकभाइओ तथा बेनोने भणवा अती उपयोगी छे. जेमने जोइए तेमणे ते नीचेने सरनामेथी मंगावी लेवुं. किंमत रु. ०–२–०

जैन बोल संग्रह भा. २ जोः--जेमां जिवविचार, नवतत्त्व, दंडक, आठ कर्मनी १५८ प्रकृति, देववं-दनादि त्रण भाष्य विगेरेना बोलनो संग्रह करेलो छे. जैनशाळाओमां अने सभाओमां भणनारांओने खास करीने शीखवा योग्य छे. किंमत रु. ०–४–०

रत्नाकर पच्चीसी, आत्मनिंदा अष्टक तथा 'आत्मगर्हास्तव [छुटा शब्दोना अर्थ, गाथा, शब्दार्थ साथे शास्त्री टाइपथी छापेली छे.] किंमत रु. ०–२–०

तीर्थं स्तवनावळी	किंमत रु. ०—८—०
सामायक व्रत तथा देशावकाशिक व्रत काचु छींटनुं पुंठुं	किंमत रु. ०—४—०
,, पाकुं पुंठुं	किंमत रु. ०—५—०
पोषधोपवास व्रत	किंमत रु. ०—४—०
श्री सम्यक्त्व मुळ बार व्रतनी संक्षिप्त टीप [जेनी अंदर बारे व्रतनी खरा जोग समजूती आपवामां आवीछे अने पाछळना भागमां बारे व्रतना बार पानामां जूदा जूदा कोठा पाडी केवी रीते पाळवां तेनी नोंध लेवा जगा राखीछे ते शास्त्री टाइपे छापेली छे.	किंमत रु. ०—६—०

मळवानुं ठेकाणुं—

शा. बालाभाई ककलभाई.

मांडवीना पोळ, नागजी भुदरनी पोळ—अमदावाद.

श्रीसोमसुंदरसूरेः शिष्येण जिनहर्ष गणिनाकृतं

गुणानुराग कुलकं.

सयलकल्लाणनिलयं, नमिऊण तित्थनाहपयकमलं;
परगुणगहणसरूवं, भणामि सोहग्गसिरिजणयं ॥ १ ॥

अर्थः—सकल कल्याणना निवास स्थान तीर्थंकर भगवानना चरणकमळने नमीने सौभाग्यश्रीकारक एवुं पराया गुणोने ग्रहण करवानुं स्वरुप कहुं छुं ॥ १ ॥

उत्तम गुणाणुराओ-निवसइ हिययंमि जस्स पुरिसस्स,
आतित्थयरपयाओ, न दुल्लहा तस्स रिद्धीओ ॥ २ ॥

अर्थः—जे पुरुषना हृदयमां उत्तम गुणवान जनो तरफ अनुराग वसतो होय तेने तीर्थंकर पद सुधीनी रिद्धीओ दुर्लभ नथी.

ते धन्ना ते पुन्ना, तेसु पणामो हविज्ज महनिच्चं;
जेसिं गुणाणुराओ, अकित्तिमो होइ अणवरयं ॥ ३ ॥

अर्थः—तेओ वखाणवा लायक छे, तेओ पुण्यशाली छे अने तेओना प्रते मारो हंमेश नमस्कार हो के जेमने विषे निरंतर खरेखरो गुणानुराग रहे छे ॥ ३ ॥

किं बहुणा भणिएणं, किं वा तविएण किं व दाणेणं;
इक्कं गुणाणुरायं, सिक्खह सुक्खाण कुलभवणं ॥ ४ ॥

अर्थः–बहु भणवाथी अथवा बहु तप करवाथी अथवा बहु दान देवाथी शुं थनार छे, एकला गुणानुरागने शीखो के जे सुखोनुं (खास) उत्पत्तिस्थान छे ॥ ४ ॥

जइवि चरसि तव विउलं, पढसि सुयं करिसि विविहकट्ठाइं;
न धरसि गुणाणुरायं, परेसु ता निप्फलं सयलं ॥ ५ ॥

अर्थः–जो के तुं भारे तप करे छे, शास्त्र भणे छे अने अनेक कष्ट करे छे, पण बीजाना गुणो तरफ अनुराग नथी धरतो तो ए बधुं निष्फळ छे ॥ ५ ॥

सोऊण गुणुक्करिसं, अन्नस्स करेसि मच्छरं जइवि;
ता नूणं संसारे, पराहवं सहसि सव्वत्थ ॥ ६ ॥

अर्थः–बीजाना गुणोनी प्रशंसा सांभळीने जो तुं मत्सर करे छे, तो तुं नक्कीपणे आ संसारमां सघळा स्थळे पराभव पामीश ॥ ६ ॥

गुणवंताण नराणं, ईसाभरतिमिरपूरिओ भणसि;

जइ कहवि दोसलेसं, ता भमसि भवे अपारंमि ॥ ७ ॥

अर्थः–गुणवंत पुरुषोना तुं इर्ष्यांना जोररुप अंधाराथी आंधळो बनीने जो कोई पण रीते लेश मात्र दोष कहाडीश, तोपण अपार संसारमां भमीश ॥ ७ ॥

जं अब्भसेई जीवो, गुणं च दोषं च इत्थ जम्मंमि;
तं परलोए पावई, अब्भासेणं पुणो तेणं ॥ ८ ॥

अर्थः–जीव आ जन्ममां गुण अथवा दोषमांथी जेनो अभ्यास पाडे ते अभ्यासे करीने फरी परलोकमां तेनेज पामे छे.

जो जंपइ परदोसे, गुणसयभरिओ वि मच्छरभरेणं;
सो विउसाणमसारो, पलालपुंज व्व पडिभाइ ॥ ९ ॥

अर्थः–जे पुरुष पोते सेंकडो गुणोथी भरेलो छतां पण मत्सरना आवेशथी पराया दोष बोले तो ते विद्वान जनोमां पराळना पूळा माफक दम वगरनो जणाय छे ॥ ९ ॥

जो परदोसे गिण्हइ, संतासंतेवि दुट्ठभावेणं;
सो अप्पाणं बंधइ, पावेण निरत्थएणावि ॥ १० ॥

अर्थः–जे पुरुष दुष्ट भावथी छता के अछता पराया दोष ग्रहण करे ते पोताना आत्माने निरर्थक पापथी जोडे छे ॥१०॥

तं नियमा मुत्तव्वं, जत्तो उपज्जए कसायग्गी;
तं वत्थुं धारिज्जा जेणोवसमो कसायाणं ॥ ११ ॥

अर्थः-जेनाथी कषायरुप अग्नि प्रदीप्त थाय ते कामने चोक्कसपणे छोडी देवुं अने जेनाथी कषायो दबे ते वस्तु धारण करवी.

जइ इच्छह गुरुयत्तं, तिहुयण मज्झंमि अप्पणो नियमा;
ता सव्वपयत्तेणं, परदोसविवज्जणं कुणह ॥ १२ ॥

अर्थः-जो तमे त्रण जगतनी अंदर पोतानी मोटाइ मेळववा खरेखर इच्छता हो तो सर्व प्रयत्नथी पराया दोषोनी निंदा करवानुं पूरती रीते वर्जन करो ॥ १२ ॥

चउहा पसंसणिज्जा, पुरिसा सव्वुत्तमुत्तमा लोए;
उत्तम उत्तम उत्तम, मज्झिमं भावाय सव्वेसिं ॥ १३ ॥

अर्थः-आ जगतमां चार प्रकारना पुरुष सर्वेने प्रशंसा करवा योग्य छे;-एक सर्वोत्तमोत्तम, बीजा उत्तमोत्तम, त्रीजा उत्तम, अने चोथा मध्यम ॥ १३ ॥

जे अहम अहम अहमा, गुरूकम्मा धम्मवज्जिया पुरिसा;
ते विय न निंदणिज्जा, किंतु दया तेसु कायव्वा ॥ १४ ॥

अर्थः-पांचमा अधम अने छठ्ठा अधमाधम जे भारे कर्मी अने धर्मवर्जीत होय छे, तेओनी पण निंदा करवी नहि जोइए, किंतु तेओ उपर दया धारवी जोइए ॥ १४ ॥

पच्चंगुब्भडजुव्वण वंतीणं सुरहिसारदेहाणुं;
जुवईणं मज्झगओ, सव्वुत्तम रूववंतीणं ॥ १५ ॥

अर्थः-दरेक अंगमां प्रगटी नीकळेल आकरा योवनवाळी, गंधथी बेहेकता शरीरवाळी, अने सर्वे करतां उत्तम रूपवाळी स्त्रीओना वच्चे रहीने ॥ १५ ॥

आजम्म बंभयारी, मणवयकाएहिं जो धरइ सीलं;
सव्वुत्तमुत्तमा पण, सो पुरिसो सव्वनमणिज्जो ॥ १६ ॥

अर्थः-जे पुरुष ब्रह्मचारी रह्यो थको मन वचन अने कायाथी शीलवान् रहे ते पुरुष सर्वोत्तमोत्तम जाणवो अने ते सर्व कोइने नमवा लायक होय छे ॥ १६ ॥

एवं विहजुवइगओ, जो रागीहुज्ज कहवि इग समय;
बीयसमयंमि निंदइ, तं पाव सव्वभावेणं ॥ १७ ॥

अर्थः-एवा प्रकारनी [सर्वोत्तम रूपवाळी] स्त्रीओनी वच्चे रह्योथको जे पुरुष कदाच कोइ प्रकारे मात्र एक क्षणभर मनमां डोलायमान थाय, पण अकार्यमां नहि फसतां तरत सावचेत थइ, बीजा क्षणे ते (मानसिक) पापने पूर्ण भावथी निंदे.

जम्मंमि तम्मि न पुणो, हविज्ज रागो मणंमि जस्स कया;
सोहोइ उत्तमुत्तम, रूवो पुरिसो महासत्तो ॥ १८ ॥

अर्थः-अने फरीने ते जन्ममां क्यारे पण तेना मनमां तेवो राग उत्पन्न न थाय ते पुरुष उत्तमोत्तम जाणवो ते पण महा बळवानज गणाय छे ॥ १८ ॥

पिच्छई जुवईरूवं, मणसा चिंतेई अहव खणमेगं;
जो न यरइ अकज्जं, पत्थिज्जंतो वि इत्थीहिं ॥ १९ ॥

अर्थः-जे पुरुष स्त्रीनुं रुप जोइ क्षणभर मनथी तेना तरफ खेंचाया छतां पण अने ते स्त्रीए तेने भोळव्या छतां पण अकार्यमां नहि फसे ॥ १९ ॥

साहू वा सड्ढोवा सदारसंतोससायरो हुज्जा;
सो उत्तमो मणुस्सो, नायव्वो थोवसंसारो ॥ २० ॥

अर्थः-किंतु साधु होय तो साधु तरीके पोतानुं ब्रह्मचर्य व्रत जाळवी राखे, अने श्रावक होय तो स्वदार संतोषी रहे ते साधु अथवा श्रावक उत्तम पुरुष जाणवो. ते पुरुष पण अल्प संसारी जाणवो ॥ २० ॥

पुरिसत्थेसु पवट्टइ, जो पुरिसो धम्मअत्थपमुहेसु;

अनुन्न मवाबाहं, मज्झिमरुवो हवइ एसो ॥ २१ ॥

अर्थः–जे पुरुष धर्म, अर्थ अने काम ए त्रणे पुरुषार्थने अरसपरस बाध न आवे ते रीते तेमां प्रवर्ते ते मध्यम पुरुष जाणवो.

एएसिं पुरिसाणं, जइ गुणगहणं करेसि बहुमाणा;
तो आसन्नासिवसुहो, होसि तुमं नत्थि संदेहो ॥ २२ ॥

अर्थः–ए चारे प्रकारना पुरुषोना गुणोनी जो तुं बहु मान धरी प्रशंसा करीश, तो तुं नजीकमांज मुक्तिसुख मेळवीश, तेमां कशो संदेह नथी ॥ २२ ॥

पासत्थाइसु अहुणा, संजमसिढिलेसु मुक्कजोगेसु;
नो गरिहा कायव्वा, नेव पसंसा सहामज्झे ॥ २३ ॥

अर्थः–आजकाल संयम पाळवामां ढीला पडेला योग क्रियाहीन पार्श्वस्थ वगेरे यतिवेषधारी जनोनी सभा मध्ये नहि तो निंदा करवी अने नहि प्रशंसा करवी ॥ २३ ॥

काउण तेसु करुणं, जइ मन्नइ तो पयासए मग्गं;
अह रूसइ तो नियमा, न तेसि दोसं पयासेइ ॥ २४ ॥

अर्थः–तेओपर करुणा लावीने जो तेओ माने एम होय तो खरो रस्तो बताववो, पण जो तेम करतां तेओ गुस्से थाय तो खचित आपणे तेमना दोष नहि प्रकाशवा ॥ २४ ॥

संपइ दूसमसमए, दीसइ थोवो वि जस्स धम्मगुणो;
बहुमाणो कायव्वो, तस्स सया धम्मबुद्धीए ॥ २५ ॥

अर्थः–आजना विषम वखतमां जेनामां थोडो पण धार्मिक गुण देखवामां आवे तेना तरफ हंमेशां धर्मबुद्धिथी बहु मान बतावता रहेवुं ॥ २५ ॥

जउ परगच्छि सगच्छे, जे संविग्गा बहुस्सुया मुणिणो;
तेसिं गुणाणुरायं, मा मुंचं सु मच्छरप्पहओ ॥ २६ ॥

अर्थः–जो के पराया गच्छमां अगर पोताना गच्छमां जे वैराग्यवान अने विद्वान मुनिओ होय तो तेमना तरफ मत्सरे भराइ गुणानुराग मुकतो ना ॥ २६ ॥

गुणरयण मंडियाणं, बहुमाणं जो करेइ सुद्धमणो;
सुलहा अन्नभवंमि य, तस्स गुणा हुंति नियमेणं ॥ २७ ॥

अर्थः–गुणरुपी रत्नोथी शणगारायेला पुरुषोनुं जे शुध्ध मनथी बहु मान करे, तेने बळता भवे ते ते गुणो नियमा सुलभ थइ पडे छे ॥ २७ ॥

एयं गुणाणुरायं, सम्मं जो धरइ धरणि मज्झंमि;

सिरिसोमसुंदरपयं, सो पावइ सव्वनमणिज्जं ॥ २८ ॥

अर्थः–आ गुणानुरागने जे पुरुष सम्यक् रीते आ पृथ्वीमां रही धारण करे, ते श्रीसोमसुंदर अर्थात् शोभता चंद्र जेवा शांतिमय अने सर्वने नमनीय (तीर्थंकररूप) पदने पामे ॥ २८ ॥

श्री गुरुप्रदक्षिणा कुलकम्.

गोअम सुहम्म जंबु, पभवो सिज्जंभवाइ आयरिया;
अन्नेवि जुगप्पहाणा, पइं दिट्ठे सुगुरु ते दिठ्ठा ॥ १ ॥

अर्थः–हे सद्गुरुजी ! आपनुं दर्शन कर्ये छते श्री गोतमस्वामी, श्रीसुधर्मास्वामी, श्री जंबुस्वामी, श्री प्रभवस्वामी अने सिज्जंभव आदिक आचार्य भगवंतो तेमज बीजा पण युग प्रधानोनुं दर्शन कर्युं मानुंछुं. ॥ १ ॥

अज्ज कयथ्थो जम्मो, अज्ज कयथ्थं च जीवियं मज्झ;
जेण तुह दंसणामय-रसेण सत्ताइं नयणाइं ॥ २ ॥

अर्थः—आज मारो जन्म कृतार्थ थयो. आज मारुं जीवीत सफळ थयुं, के जेथी आपना दर्शन रुप अमृत रस वडे करीने मारां नेत्र सिंचित थयां, अर्थात् आपनुं अद्भुत दर्शन मने प्राप्त थयुं. ॥ २ ॥

सो देसो तं नगरं, तं गामो सो अ आसमो धन्नो;
जथ्थ पहु तुम्ह पाया, विहरंति सयावि सुपसन्ना ॥ ३ ॥

अर्थः—ते देश, ते नगर, ते गाम अने ते आश्रम (स्थान) धन्य छे के, ज्यां हे प्रभु ! आप सदाय सुप्रसन्न थता विचरो छो अर्थात् विहार करो छो. ॥ ३ ॥

हथ्था ते सुकयथ्था, जे किईकम्मं कुणंति तुह चलणे;
वाणी बहुगुणखाणी, सुगुरुगुणा वन्निआ जीए ॥ ४ ॥

अर्थः—ते हाथ सुकृतार्थ छे के, जे आपना चरणे द्वादशावर्त्त वंदन करे छे, अने ते वाणी (जीव्हा) बहु गुणवाळी छे के, जे वडे सद्गुरुना गुणोनुं वर्णन करवामां आव्युं छे. ॥ ४ ॥

अवयरिया सुरधेणू, संजाया महगिहे कणयवुट्ठी;
दारिद्दं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले ॥ ५ ॥

अर्थः—हे सद्गुरु ! आपनुं मुखकमल दीठे छते आज कामधेनु मारा घर आंगणे आवी जाणुं छुं. तेमज सुवर्ण वृष्टि थइ जाणुंछुं. अने आजथी मारुं दारिद्र दुर थयुं मानुंछुं. ॥ ५ ॥

चिंतामणिसारिच्छं, समत्तं पावियं मए अज्ज;
संसारो दूरीकओ, दिट्ठे तुह सुगुरु मुहकमले ॥ ६ ॥

अर्थः–हे सद्गुरु ! आपनुं मुख कमल दीठे छते चिंतामणि रत्न सरखुं समक्ति मने प्राप्त थयुं, अने तेथी संसारनो अंत थयो मानुं छुं. ॥ ६ ॥

जा रिद्धि अमरगणा, भुंजंता पियतमाइसंजुत्ता;
सा पुण कित्तियमित्ता, दिट्ठे तुह सुगुरु मुहकमले ॥ ७ ॥

अर्थः–हे सद्गुरु ! आपनुं मुख कमल दीठे छते जे ऋद्धि देवताओ पोतानी देवांगनादिक सहित भोगवे छे ते मारे कंइ हिसाबमां नथी. ॥ ७ ॥

मणवयकायेहिं मए, जं पावं अज्जियं सया [भयवं];
तं सयं अज्ज गयं, दिट्ठे तुह सुगुरु मुहकमले ॥ ८ ॥

अर्थः–हे सद्गुरु ! आपनुं वदनकमल दीठे छते जे मन, वचन, कायाथी में जे पाप आज पर्यंत उपार्जन कर्युं छे; ते बधुं आजे स्वतः नष्ट थयुं मानुंछु. ॥ ८ ॥

दुल्लहो जिणिंद धम्मो, दुल्लहो जीवाण माणुसो जम्मो;

लद्धेपि मणुअजम्मे, अइदुल्लहा सुगुरुसामग्गी ॥ ९ ॥

अर्थः-जीवोने सर्वज्ञभाषित धर्म पामवो दुर्लभ छे तथा मनुष्य जन्म मळवो दुर्लभ छे. अने ते मनुष्य जन्म मळे छते पण सद्गुरु सामग्री मळवी अति दुर्लभ छे. ॥ ९ ॥

जत्थ न दिसंति गुरु, पच्चुसे उठ्ठिएहिं सुपसन्ना;
तत्थ कहं जाणिज्जइ, जिणवयणं अमिअसारिच्छं ॥१०॥

अर्थः-ज्यां प्रभाते उठतांज सुप्रसन्न गुरुनां दर्शन थतां नथी, त्यां अमृत सदृश जिनवचननो लाभ शी रीते लइ शकाय?१०

जह पाउसंमि मोरा, दिणयरउदयम्मि कमलवणसंडा;
विहसंति तेम तच्चिय(?), तह अम्हे दंसणे तुम्ह ॥११॥

अर्थः-जेम मेघने देखी मोरो प्रमुदित थाय छे अने सूर्यनो उदय थये छते कमळनां वन विकसित थाय छे, तेम ज आपनुं दर्शन थये छते अमे पण प्रमोद पामाए छीए. ॥ ११ ॥

जइ सरइ सुरहि वच्छो, वसंतमासं च कोइला सरइ;
विंझं सरइ गइंदो, तह अम्ह मणं तुमं सरइ ॥ १२ ॥

अर्थः-हे सद्गुरुजी ! जेम गाय पोताना वाछरडाने संभाळे छे, अने जेम कोयल वसंतमासने इच्छे छे, तथा

हाथी विंध्याचळनी अटवीने याद करे छे; तेम अमारुं मन (सदाय) आपनुं स्मरण कर्या करे छे. १२

बहुया बहुयां दिवसडां, जइ मइं सुहगुरु दीठ;
लोचन बे विकसी रह्यां, हीअडइं अमिय पइठ ॥ १३ ॥

अर्थः–बहु बहु दहाडा जता रह्या अने हवे में सुगुरु दीठा तेथी मारी बे आंखो विकस्वर थइ अने हृदयमां अमृत पेठुं. ॥१३॥

अहो ते निज्जिओ कोहो, अहो माणो पराजिओ;
अहो ते निरक्किया माया, अहो लोहो वसीकिओ ॥१४॥

अर्थः–अहो! इति आश्चर्ये! आपे क्रोधनो केवो जय कर्यो छे माननो केवो पराजय कर्यो छे ? मायाने केवी दूर करी छे ? अने लोभने केवो वश कर्यो छे ? ॥ १४ ॥

अहो ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं;
अहो ते उत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा ॥ १५ ॥

अर्थः–अहो आपनुं आर्जव (सरलपणुं) केवुं उत्तम छे ? अहो आपनुं मार्दव [नम्रपणुं] केवुं रुडुं छे ? अहो आपनी क्षमा केवी उत्तम छे ? अने आपनी संतोष वृत्ति केवी श्रेष्ठ छे. ॥ १५ ॥

इहं सि उत्तमो भंते, इच्छा होहिसि उत्तमो;

लोगुत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ॥ १६ ॥

अर्थः-हे भगवंत ! आप अहिं प्रगट ज उत्तम छो ! वळी आपनी इच्छा के मनोरथ वडे करीने पण उत्तम छो अने अंते पण कर्ममलने टाळीने आप मोक्ष नामनुं सर्वोत्तम स्थानज पामवाना छो. ॥ १६ ॥

आयरिय नमुक्कारो, जीवं मोएइ भव सहस्साओ;
भावेण किरमाणो, होइ पुणो बोहिलाभाए ॥ १७ ॥

अर्थः-आचार्य महाराजने करेलो नमस्कार जीवने हजारो गमे भवभय थकी मुक्त करे छे, अने ते भाव सहित करवामां आवतो नमस्कार जीवने समकितनो लाभ आपे छे. ॥ १७ ॥

आयरिय नमुक्कारो, सव्वपावप्पणासणो;
मंगलाणं च सव्वेसिं, तइयं हवइ मंगलं ॥ १८ ॥

अर्थः-भावाचार्यने भावसहित करेलो नमस्कार सर्व पापने प्रकर्षे करीने नाश करनारो थाय छे अने ते सर्व मंगलमां त्रीजुं मंगल छे. १८

संविज्ञसाधु योग्यं नियमकुलकम्.

भुवणिक्कपइवसमं, वीरं नियगुरुपए अ नमिऊणं;
वीरइअर दिक्खिआणं जुग्गे नियमे पवक्खामि ॥ १ ॥

अर्थः—त्रण भुवनने विषे एक (असाधारण) प्रदीप समान श्री वीर प्रभुने अने निज गुरुनां चरण कमळने नमीने सर्व विरतिवंत—साधु जनो योग्य (सुखे निर्वही शकाय एवा) नियमो हुं (सोमसुंदर सूरि) कहीश. ॥ १ ॥

निअउअरपूरणफला, आजीविअमित्तं होइ पवज्जा;
धूलिहडीरायत्तणज्जा—सरिसा, सव्वेसिं हसणिज्जा ॥२॥

अर्थः—योग्य नियमोनुं पालन कर्या वगरनी प्रव्रज्या (दीक्षा) फक्त निज उदर पूरण करवा रूप आजीविका चलाववा मात्र फळवाळी कहीछे अने एवी दीक्षा (तो) होळीना राजा(इलाजी)नी जेवी सहु कोइने हसवा योग्य बनेछे.२

तम्हा पंचायारा,--राहणहेउं गहिज्ज इअ निअमे;
लोआइकट्ठरुवा, पव्वज्जा जह भवे सफला ॥ ३ ॥

अर्थः–ते माटे पंचाचार (ज्ञान–दर्शन–चारित्र–तप–वीर्य आचार) ना आराधन हेतें लोचादिक कठण नियमो ग्रहण करवा जोइए के जेथी (आदरेली) प्रव्रज्या सफळ थाय. ॥ ३ ॥

नाणाऽराहणहेउं, पइदिअहंपंचगाह पढणं मे;
परिवाडीओ गिण्हे, पणगाहाणं च सट्ठी य ॥ ४ ॥

अर्थः–ज्ञान आराधन हेतें म्हारे हमेशां पांच गाथाओ भणवी, कंठाग्र करवी अने परिपाटीथी (क्रमवार) पांच पांच गाथानो अर्थ गुरु समीपे ग्रहण करवो. ॥ ४ ॥

अण्णेसिं पढणत्थं, पणगाहाओ लिहेमि तह निच्चं;
परिवाडीओ पंच य, देमि पढंताण, पयदियहं ॥ ५ ॥

अर्थः–वळी हुं बीजाओने भणवा माटे हमेशां पांच गाथाओ लखुं अने भणनाराओने हमेशां परिपाटीथी (क्रमवार) पांच पांच गाथा आपुं. (भणावुं–अर्थ धरावुं विगेरे). ॥ ५ ॥

वासासु पंचसया, अठय सिसिरे अ तिन्नि गिम्हंमि;
पइदियहं सज्झायं, करेमि सिद्धंतगुणणेणं ॥ ६ ॥

अर्थः–सिद्धांत–पाठ गणवा वडे वर्षा ऋतुमां पांचसो, शिशिर ऋतुमां आठसो, अने ग्रीष्म ऋतुमां त्रणसो गाथा प्रमाण सज्झाय ध्यान सदाय कर्यां करुं. ॥ ६ ॥

परमिट्ठिनवपयाणं, सयमेगं पयदिणं समरामि अहं,
अह दंसणआयारे, गहेमि निअमे इमे सम्मं ॥ ७ ॥

अर्थः–परमेष्ठी नवपद (नवकार महामंत्र) नुं एकसो वार हुं सदाय रटण करुं. ॥ ७ ॥

देवे वंदे निच्चं, पणसक्कत्थएहिं एकवारमहं;
दोतिन्निय वा वारा, पइजामं वा जहासत्ति ॥ ८ ॥

अर्थः–पांच शक्रस्तव वडे सदाय एक वखत देववंदन करुंज अथवा बे वखत, त्रण वखत के पहोरे पहोरे यथाशक्ति आळसरहित देववंदन करुं. ॥ ८ ॥

अट्ठमीचउद्दस्सीसुं, सव्वाण वि चेइयाइं वंदिज्जा;
सव्वेवि तहा मुणिणो, सेसदिणे चेइअं इक्कं ॥ ९ ॥

अर्थः–दरेक अष्टमी चतुर्दशीने दिवसे सघळां देरासरो जुहारवां तेमज सघळाय मुनिजनोने वांदवा. त्यारे बाकीना दिवसे एक देरासरे (तो) अवश्य जवुं. ॥ ९ ॥

पइदिण तिन्निय वारा, जिट्ठे साहू नमामि निअमेणं;
वेयावच्चं किंची, गिलाण वुड्ढाइणं कुव्वे ॥ १० ॥

अर्थः-हमेशां वडिल साधुने निश्चे त्रण वार (त्रिकाळ) वंदन करुंज अने बीजा ग्लान (व्याधिग्रस्त) तेमज वृद्धादिक मुनिजनोनुं वैयावच्च यथाशक्ति करुं. ॥ १० ॥

अह चारित्तायारे, निअमग्गहणं करेमि भावेणं;
बहिभूगमणाईसुं, वज्जे वत्ताइं इरियत्थं ॥ ११ ॥

अर्थः-हवे चारित्राचार विषे नीचे मुजब नियमो भाव सहीत अंगिकार करुंछुं. १ इर्या समितिः-वडी नीति, लघु नीति करवा अथवा आहार पाणी वहोरवा जतां इर्यासमिति पाळवा माटे (जीव रक्षा अर्थे) वाटमां वार्तालाप विगेरे करवानुं हुं वर्जु-त्याग करुं. ॥ ११ ॥

अपमज्जियगमणम्मि अ, संडासा पमज्जिउं च उववसिणे;
पाउंछणयं च वि--उववसिणे पंचनमुक्कारा ॥ १२ ॥

अर्थः-यथाकाळ पुंज्या प्रमार्ज्या वगर चाल्यां जवाय तो, अंग पडिलेहणा प्रमुख संडासा पडिलेह्या वगर बेसी जवाय तो अने कटासणा (कांबळी) वगर बेसी जवाय तो (तत्काळ) पांच नमस्कार करवा (खमासमणां देवां अथवा पांच नवकार मंत्रनो जाप करवो. ॥ १२ ॥

उग्घाडेण मुहेणं, नो भासे अहव जत्तिया वारा;
भासे तत्तिअमित्ता, लोगस्स करेमि उस्सग्गं ॥ १३ ॥

अर्थः-२ भाषासमिति-उघाडे मुखे (मुहपत्ति राख्या वगर) बोलुंज नहि. तेम छतां गफलतथी जेटली वार खुल्ला मुखे बोली जाउं तेटलीवार (इरियावहीपूर्वक) लोगस्सनो काउस्सग्ग करुं. ॥ १३ ॥

असणे तह पडिक्कमणे, वयणं वज्जे विसेसकज्जविणा;
सिक्किय मुवहिं च तहा, पडिलेहंतो न बेमि सया ॥१४॥

अर्थः-आहार पाणी करतां तेमज प्रतिक्रमण करतां कोइ महत्त्वना कार्य वगर कोइने कांइ कहुं नहि एटले के कोइ संगाते वार्तालाप करुं नहिं. एज रीते आपणी (सुखे निर्वही शकाय अने उपयोगमां लई शकाय एटली बधी) उपधिनी पडीलेहणा करतां हुं कदापि बोलुं नहि. ॥ १४ ॥

अनैजले लब्भंते, विहरे नो धावणं सकज्जेणं;
अगलिअजलं न विहरे, जरवाणीयं विसेसेणं ॥ १५ ॥

अर्थः-३ एषणा समिति-त्रीजां निर्दोष प्रासुक (निर्जीव) जळ मळतां होय त्यां सुधी पोताने प्रयोजन (खप) छतां धोवण (वाळुं जळ) हुं ग्रहण करुं नहिं. वळी अणगळ (गाळ्या वगरनुं) जळ हुं लइुं नहि अने जरवाणी (झरेलुं) तो विशेष करीने लेउ नहि. ॥ १५ ॥

सिक्कियमुवहिमाइ, पमज्जिउं निक्खिवेमि गिन्हेमि;
जइ न पमज्जेमि तओ, तथ्थेव कहेमि नमुक्कारं ॥ १६ ॥

अर्थः-४ आदान-निक्षेपणासमिति-आपणी पोतानी उपधि प्रमुख पुंजी-प्रमार्जिने तेने भूमि उपर स्थापन करुं तेमज भूमि उपरथी ग्रहण करुं. जो तेम पुंजवा प्रमार्जवामां गफलत थाय तो त्यांज नवकार महामंत्रनो उच्चार करुं (नवकार गणुं)

जत्थ व तत्थव उज्झणि, दंडगउवहीण अंबिलं कुव्वे;
सयमेगं सज्झायं, उस्सग्गे वा गणेमि अहं ॥ १७ ॥

अर्थः-दांडो प्रमुख पोतानी उपधि ज्यां त्यां [अस्तव्यस्त ढंग धडा वगर] मूकी देवाय तो ते बदल एक आयं-बिल करुं अथवा उभा उभा काउसग्ग मुद्राए रही एक सो श्लोक या सो गाथा जेटलुं सज्झाय ध्यान करुं. ॥ १७ ॥

मत्तगपरिट्ठवणंमि अ, जीवविणासे करेमि निव्वियं;
अविहीइ विहरिऊणं, परिठवणे अंबिलं कुव्वे ॥ १८ ॥

अर्थः-५ पारिठावणिया समिति-लघुनीति वडीनीति के खेळादिकनुं भाजन परठवतां कोइ जीवनो विनाश थाय तो निवी करुं अने अविधिथी (सदोष) आहार पाणी प्रमुख वहोरीने परठवतां एक आयंबिल करुं. ॥ १८ ॥

अणुजाणह जस्सुग्गह, करेमि उच्चारमत्तगठाणे;
तह सन्ना डगलग जोग, कप्पातिप्पाइ वोसिरे तिअगं।१९।

अर्थः-वडीनीति के लघुनीति करवाना के परठववाना स्थाने 'अणुजाणह जस्सग्गहो' प्रथम कहुं, तेमज ते लघु-वडी नीति पाणी छेप अने डगल प्रमुख परठव्या पछी त्रण वार 'वोसिरे' कहुं. ॥ १९ ॥

रागमये मणवयणे, इक्किक्कं निव्वियं करेमि अहं;
कायकुचिट्ठाए पुणो, उववासं अंबिलं वा वि ॥ २० ॥

अर्थः-मन-वचन-काय गुप्ति —मन अने वचन रागमय-रागाकुळ थाय तो हुं एक एक निवि करूं. अने जो कायकुचेष्टा थाय-उन्माद जागे तो उपवास अथवा आयंबिल करूं. ॥ २० ॥

बेंदियमाईण वहे, इंदिअसंखा करेमि निव्वियया;
भयकोहाइवसेणं, अलीयवयणंमि अंबिलयं ॥ २१ ॥

अर्थः-अहिंसाव्रते-बे इंद्रिय प्रमुख जीवनी विराधना (प्राण हानि) मारा प्रमादाचरणथी थइ जाय तो तेनी इंद्रियो जेटली निविओ करूं. सत्यव्रते-भय, क्रोध लोभ अने हास्यादिकने वश थइ जइ जुठुं बोली जाउं तो आंबिल करूं.

पढमालियाइ न गिन्हे, घयाइ वत्थूण गुरुअदिट्ठाणं;
दंडगतप्पणगाइ, अदिन्नगहणे य अंबिलयं ॥ २२ ॥

अर्थः-अस्तेय व्रते-पढमालिया (प्रथम भिक्षा) मां आवेला जे घृतादिक पदार्थ गुरु महाराजने देखाड्या वगरना होय ते हुं लेउं नहिं (वापरुं नहिं) अने दांडो, तर्पणी वगेरे बीजानी रजा वगर लेउं वापरुं तो आंबिल करुं. ॥ २२ ॥

एगत्थीहिं वत्तिं, न करे परिवाडिदाण मवि तासिं;

इगवरिसारिहमुवहिं, ठावे अहिगं न ठावेमि ॥ २३ ॥

अर्थः-ब्रह्मव्रते-एकली स्त्री संगाथे वार्तालाप न करुं अने स्त्रीओने (स्वतंत्र) भणावुं नहिं. परिग्रहपरिहारव्रते-एक वर्ष योग्य (चाले तेटलोज) उपधि राखुं, पण एथी अधिक नज राखुं. ॥ २३ ॥

पत्तग टुप्परगाइ, पनरस उवरिं न चेव ठावेमि;
आहाराण चउन्हं, रोगे वि अ संनिहं न करे ॥ २४ ॥

अर्थः-पात्रां अने काचलां प्रमुख पंदर उपरांत नज राखुं. रात्रिभोजनविरमणव्रते-अशन, पान, खादिम अने स्वादिम रुप चार प्रकारना आहारनो (लेश मात्र) संनिधि, रोगादिक कारणे पण राखुं-करुं नहिं. ॥ २४ ॥

महरोगे वि अ काढं, न करेमि निसाइ पाणीयं न पिबे;
सायं दोघडियाणं, मज्झे नीरंपि न पिबेमि ॥ २५ ॥

अर्थ-महान् रोग थयो होय तोपण क्वाथ न करुं-उकाळो पीउं नहीं, तेमज रात्री समये जळपान करुं नहिं. अने सांजे छेल्ली बे घडीमां (सूर्यास्त पहेलांनी बे घडीना काळमां) जळपान पण करुं नहिं, तो पछी बीजा अशनादिक आहार करवानी तो वातज शी? ॥ २५ ॥

अहवा निच्छिअ सूरे, काले नीरं करेमि सयाकालं;
अणहारोसहसंनिहि,-मवि नो ठावेमि वसहीए ॥ २६ ॥

अर्थः—अथवा सूर्य निश्चे देखाते छतेज उचित अवसरे सदाय जळपान करी लेउं-सूर्यास्त पहेलांज सर्व आहार संबंधी पच्चख्खाण करी लउं. अने अणाहारी औषधनो संनिधि पण उपाश्रयमां राखुं-रखावुं नहि. ॥ २६ ॥

तवआयारे गिन्हे, अह नियमे कइवि सत्तीए;
ओगाहियं न कप्पइ, छट्ठाइतवं विणा उ जोगं च ॥२७॥

अर्थः—हवे तप आचार विषे केटलाक नियमो शक्ति अनुसारे ग्रहण करुं छुं. छट्ठ (साथे बे उपवास) आदिक तप कर्यो होय तेमज योग वहन करतो होउं ते वगर मने अवग्राहित भिक्षा लेवी कल्पे नहि. ॥ २७ ॥

निव्वियतिगं च अंबिल,-दुगं च विणु नो करेमि विगयमहं;
विगइ दिणे खंडाई, णकार नियमो अ जाजीवं ॥ २८ ॥

अर्थः—लागलागां त्रण नीवीओ अथवा बे आंबिल कर्या वगर हुं विगइ (दूध दहीं घी प्रमुख) वापरुं नहिं अने विगइ वापरुं तो दिवसे खांड प्रमुख विशिष्ठ (साथे मेळवीने नहि वापरवानो) नियम जावजीव सुधी पाळुं. ॥ २८ ॥

निव्वियाइं न गिन्हे, निव्वियतिगमज्झि विगइ दिवसे अ;
विगइं नो गिन्हेमि य, दुन्नि दिणे कारणं मुत्तुं ॥ २९ ॥

अर्थः—त्रण नीवी लागोलाग थाय ते दरमीयान तेमज विगइ वापरवाना दिवसे निवियातां ग्रहण करुं नहिं-वापरुं नहि. तेमज बे दिवस सुधी लागट कोइ तेवा पुष्ट कारण वगर विगइ वापरुं नहि. ॥ २९ ॥

अट्ठमीचउद्दसीसुं, करे अहं निव्वियाइं तिन्नेव;
अंबिलदुगं च कुव्वे, उववासं वा जहासत्तिं ॥ ३० ॥

अर्थः—प्रत्येक अष्टमी अने चतुर्दशीने दिवसे शक्ति होय तो उपवास करुं, नहि तो ते बदल बे आंबिल अथवा त्रण निविओ पण करी आपुं. ॥ ३० ॥

दव्वखित्ताइगया, दिणे दिणे अभिग्गहेअव्वा;
जीयंमि जओ भणिअं, पच्छित्तमभिग्गहाभावे ॥ ३१ ॥

अर्थः—प्रतिदिन द्रव्य क्षेत्र काळ अने भावगत अभिग्रह* धारण करवा केमके अभिग्रह न धारीए तो प्रायश्चित आवे एम जीत कल्पमां भाख्युं छे. ॥ ३१ ॥

विरियायारनियमे, गिन्हे कइअवि जहासत्ति;
दिण पण गाहाइणं, अत्थं गिन्हे मणेण सया ॥ ३२ ॥

अर्थः-वीर्याचार संबंधी केटलाक नियमो यथाशक्ति हुं ग्रहण करुंछुं. सदा-सर्वदा पांच गाथादिकना अर्थ हुं ग्रहण करी मनन करुं.

पण वारं दिण मज्झे, पमाययंताण देमि हियसिक्खं;

---

*अमुक वस्तु अमुक स्थळे अमुक वखते अने अमुक रीते मळे तेज भिक्षा वखते लेवी एवा प्रकारनी विशिष्ट प्रतिज्ञा धारवी ते.

एगं परिठवेमि अ, मत्तयं सव्वसाहूणं ॥ ३३ ॥

अर्थः--आखा दिवसमां संयम मार्गमां (धर्मकार्यमां) प्रमाद करनाराओने हुं पांच वार हितशिक्षा (शिखामण) आपुं अने सर्व साधुओने एक मात्रक (परठववानुं भाजन) परठवी आपुं. ॥ ३३ ॥

चउवीसं वीसं वा, लोगस्स करेमि काउस्सग्गंमि;
कम्मखयट्ठा पइदिण, सज्झायं वा वि तम्मित्तं ॥ ३४ ॥

अर्थः--प्रतिदिवस कर्मक्षय अर्थे चोवीस के वीस लोगस्सनो काउसग्ग करुं, अथवा एटला प्रमाणमां सज्झाय ध्यान काउसग्गमां रही स्थिरताथी करुं. ॥ ३४ ॥

निद्दाइपमाएणं, मंडलिभंगे करेमि अंबिलयं,
नियमा करेमि एगं, विस्सामणयं च साहूणं ॥ ३५ ॥

अर्थः--निद्रादिक प्रमादवडे मंडलीनो भंग थइ जाय (मंडलीमां बराबर वखते हाजर न थइ शकुं) तो एक आंबिल करुं. अने सहु साधु जनोनी एक वखत विश्रामणा-वैयावच्च निश्चे करुं. ॥ ३५ ॥

सेहगिलाणाइणं, विणावि संघाडयाईसंबंधं;
पडिलेहणमल्लगपरि--ठवणाई कुव्वे जहासत्ति ॥ ३६ ॥

अर्थः-संघाडादिकनो कशो संबंध न होय तो पण लघु शिष्य (बाळ) अने ग्लान साधु प्रमुखनुं पडिलेहण करी

आपुं तेमज तेमना खेळ प्रमुख मळनी कुंडीने परठववा विगेरे काम पण हुं यथाशक्ति करी आपुं. ॥ ३६ ॥

वसही पवेसि निग्गमि, निसीहि आवस्सियाण विस्सरणे;
पायाऽपमज्जणे वि य, तथ्थेव कहेमि नवकारं ॥ ३७ ॥

अर्थः-वसति (उपाश्रय-स्थान) मां प्रवेश करतां निस्सीही अने तेमांथी निकळतां आवस्सही कहेवी भूली जाउं तेमज गाममां पेसतां के निसरतां पग पुंजवा विसरी जाउं तो (याद आवे तेज स्थळे) नवकार मंत्र गणु. ॥ ३७ ॥

भयवं पसाउ करिउं, इच्छाइ अभासणंमि वुड्ढेसु;
इच्छाकाराऽकरणे, लहुसु साहूसु कज्जेसु ॥ ३८ ॥
सव्वथ्थवि खलिएसुं, मिच्छाकारस्स अकरणे तह य;
सयमन्नाउ वि सरिए, कहियव्वो पंच नवकारो ॥ ३९ ॥

अर्थः-कार्य प्रसंगे वृद्ध साधुओने हे भगवान् ! पसाय करी अने लघु साधुने ' इच्छकार ' एटले तेमनी इच्छा अनुसारे ज करवानुं कहेवुं भूली जाउं, तेमज सर्वत्र ज्यारे ज्यारे भूल पडे त्यारे त्यारे 'मिच्छाकार' एटले मिच्छामि दुक्कडं एम कहेवुं जोइए ते विसरी जाउं तो ज्यारे मने पोताने सांभरी आवे अथवा कोइ हितस्वी संभारी आपे त्यारे तत्काळ मारे नवकार मंत्र गणवो. ॥ ३८ ॥ ३९ ॥

वुड्ढस्स विणा पुच्छं, विसेसवथ्थुं न देमि गिन्हे वा;

अन्नंपि अ महकज्जं, वुड्ढं पुच्छिय करेमि सया ॥ ४० ॥

अर्थः–वृद्ध (वडील) ने पूछया वगर विशेष वस्त्र (अथवा वस्तु) लउं दउं नहिं अने मोटां काम वृद्ध (वडील) ने पूछीने ज सदाय करुं, पण पूछया वगर करुं नहि. ॥ ४० ॥

दुब्बल संघयणाण वि, एए नियमा सुहावहा पायं;
किंचिवि वेरग्गेणं, गिहिवासो छड्डिओ जेहिं ॥ ४१ ॥

अर्थः–जेमनो शरीरनो बांधो नबळो छे एवा दुर्बळ संघयणवाळा छतां पण जेमणे कंइक वैराग्यथी गृहस्थवास छांडयो छे तेमने आ उपर जणावेला नियमो पाळवा प्रायः सुलभ छे. ॥ ४१ ॥

संपइकाले वि इमं, काउं सक्के करेइ नो निअमे;
सो साहुत्त गिहित्तण, उभय भट्ठो मुणेयव्वो ॥ ४२ ॥

अर्थः--संप्रति काळे पण सुखे पाळी शकाय एवा आ नियमोने जे आदरे पाळे नहिं, ते साधुपणाथकी अने गृह-स्थपणाथकी उभय भ्रष्ट थयो जाणवो. ॥ ४२ ॥

जस्स हिअयंमि भावो, थोवो वि न होइ नियमगहणंमि;
तस्स कहणं निरत्थय,-मसिरावणि कूवखणणं व ॥४३॥

अर्थः--जेना हृदयमां उक्त नियमो ग्रहण करवानो लगारे भाव न होय तेमने आ नियम संबंधी उपदेश करवो ए (सिरा)--सर वगरना स्थळे कुवो खोदवा जेवो निरर्थक--निष्फळ थाय छे. ॥ ४३ ॥

संघयणकालबलदूसमा,-रयालंबणाइँ घित्तुणं;
सव्वं चिअ निअम धुरं, निरुज्जमाओ पमुच्चंति ॥ ४४ ॥

अर्थः-नबळां संघयण, काळ, बळ, अने दुषम आरो ए आदि हीणां आलंबन पकडीने पुरुषार्थ वगरना पामर जीवो आळस प्रमादथी बधी नियम धुराने छंडी दे छे. ॥ ४४ ॥

वुच्छिन्नो जिणकप्पो, पडिमाकप्पो अ संपइ नत्थि;
सुद्धो अ थेर कप्पो, संघयणाईणि हाणीए ॥ ४५ ॥

अर्थः--(संप्रति काळे) जिनकल्प व्युच्छिन्न थयेलो छे. वळी प्रतिमाकल्प पण अत्यारे वर्तते नथी तथा संघयणादिकनी हानीथी शुद्ध स्थवीरकल्प पण पाळी शकातो नथी. ॥ ४५ ॥

तहवि जइए अ नियमा-राहणाविहिए जएज्ज चरणंमि;
सम्ममुवउत्तचितो, तो नियमाराहगो होइ ॥ ४६ ॥

अर्थः--तो पण जो मुमुक्षुओ आ नियमोना आराधन विधिवडे सम्यग् उपयुक्त चित्त थइ चारित्र सेवनमां उजमाळ बनशे तो ते नियमा--नीश्चे आराधक भावने पामशे. ॥ ४६ ॥

ए ए सव्वे नियमा, जे सम्मं पालयंति वेरग्गा;
तेसिं दिक्खागहिआ, सफला सिवसुहफलं देइ ॥ ४७ ॥

अर्थः--आसर्वे नियमोने जे (शुभाशयो) वैराग्यथी सम्यग रीते पाळे छे, आराधे छे तेमनी ग्रहण करेली दीक्षा सफळ थाय छे एटले ते शीव सुख फळने आपे छे. ॥ ४७ ॥

इति श्री संविज्ञ साधु योग्य नीयम कुलक भाषांतर समाप्तं.

अथ पुण्य कुलकम्.

संपुन्नइंदियत्तं, माणुसत्तं च आयरियखित्तं;
जाइकुलजिणधम्मो, लभ्भंति पभूयपुण्णेहिं ॥ १ ॥

अर्थः--संपूर्ण इंद्रियपणुं--कंइ पण खोड खांपण वगरनी सघळी (पांचे) इन्द्रियोनी प्राप्ति, मनुष्यपणुं, आर्यक्षेत्रमां अवतार, उत्तम जाति, उत्तम कुळ अने बीतराग भाषित जन धर्म--ए सघळां वानां प्रभुत (पुष्कळ) पुन्यथी प्राप्त थइ शके छे.

जिणचलणकमलसेवा, सुगुरुपायपज्जुवासणं चेव;
[1]सज्झायवायवडत्तं, लभ्भंति पभूय पुण्णेहिं ॥ २ ॥

---

१ "सभ्भाववायवडत्तं" एवोज पाठ होय तो सद्भूत यथातथ्य वादमां अपराजितपणुं एवो अर्थ संभवे छे.

अर्थः--जिन--अरिहंतना चरणकमळनी सेवा--भक्ति, अने सद्गुरुना चरणनी पर्युपासना, सज्झाय ध्यान तथा धर्मवादमां वडापणुं-पराभव नहि पामवापणुं ए सघळां वानां प्रभूत पुन्य योगे प्राप्त थइ शके छे. ॥ २ ॥

सुद्धो बोहो सुगुरुहिं, संगमो उवसमं दयालुत्तं;
दाखिन्नं करणंजं, लब्भंति पभूयपुण्णेहिं ॥ ३ ॥

अर्थः--शुद्धबोधिबीज रुप समकितरत्ननुं पामवुं, सुगुरुनो समागम, उपशम भाव--शमता, दयाळुपणुं, अने दाक्षिण्यता गुणनुं पाळन ए बधां वानां प्रभुत पुन्ययोगे प्राप्त थाय छे. ॥ ३ ॥

संमत्तं निच्चलंतं, वयाण परिपालणं अमायत्तं;
पढणं गुणणंविणओ, लब्भंति पभूयपुण्णेहिं ॥ ४ ॥

अर्थः--सम्यक्त्व (समकित) मां निश्चळता, व्रतोनुं (अथवा बोलेला वचनोनुं) परिपाळन, निर्मायीपणुं, भणवुं, गणवुं अने विनय ए बधां वानां महापुन्य योगे प्राप्त थइ शके छे. ॥ ४ ॥

उस्सग्गे अववाये, निच्छहविवहारंमि निऊणत्तं;
मणवयणकायसुद्धी, लब्भंति पभूयपुण्णेहिं ॥ ५ ॥

अर्थः--उत्सर्ग--विधिमार्ग अने अपवाद--निषेधमार्ग तेमां तथा निश्चय--साध्यमार्ग अने व्यवहार--साधनमार्ग तेमां निपुणपणुं, तेमज मन वचन कायानी शुद्धि-पवित्रता-निर्दोषता-निष्कलंकता ए बधां वानां प्रभूत पुन्यनायोगे प्राणीने प्राप्त थइ शके छे.

अवियारं तारुन्नं, जिणाणं राओ परोवयारत्तं;
निक्कंपया य झाणे, लब्भंति पभूयपुण्णेहिं ॥ ६ ॥

अर्थः--निर्विकार--विकार वगरनुं यौवन, जिन शासन उपर चोळमजीठ जेवो राग, परोपकारीपणुं अने ध्यानमां निश्चलता ए बधां वानां महापुन्य योगे प्राप्त थइ शके छे. ॥ ६ ॥

परनिंदापरिहारो, अप्पसंसा अत्तणो गुणाणं च;
संवेगो निव्वेओ, लब्भंति पभूयपुण्णेहिं ॥ ७ ॥

अर्थः--परनिंदानो त्याग अने आपणा गुणोनी श्लाघा--प्रसंसाथी दूर रहेवुं, तेमज संवेग--मोक्षाभिलाष अने निर्वेद--भव वैराग्य ए बधां वानां प्रभूत पुन्य योगे प्राप्त थाय छे. ॥ ७ ॥

निम्मलसीलाब्भासो, दाणुल्लासो विवेगसंवासो;
चउगइदुहसंतासो, लब्भंति पभूयपुण्णेहिं ॥ ८ ॥

अर्थ--निर्मळ--शुद्ध शीळनो अभ्यास, सुपात्रादिक दान देतां उल्लास, हिताहित संबंधी विवेक सहितपणुं अने चार गतिनां दुःखथकी संपूर्ण त्रास ए बधां वानां महा पुन्यना योगे प्राप्त थाय छे. ॥ ८ ॥

दुक्कडगरिहा सुकडा-णुमोयणं पायच्छित्त तवचरणं;

सुहझाण नमुक्कारो, लब्भंति पभूयपुण्णेहिं ॥ ९ ॥

अर्थः-करेलां पाप कृत्यनी आलोचना--निंदा, सारां कृत्यो कर्यां होय तेनी अनुमोदना, करेलां पापनो छेद करवा माटे गुरु महाराजे बतावेला तपनुं करवुं--आचरवुं, शुभ ध्यान धरवुं अने नवकार महामंत्रनो जाप करवो ए सघळां वानां महा पुन्ययोगे प्राप्त थइ शके छे. ॥ ९ ॥

इयगुणमणिभंडारो, सामग्गी पाविऊण जेणकओ;
विच्छिन्नमोहपासा, लहंति ते सासयं सुख्खं ॥ १० ॥

अर्थः--आ उपर बताव्या मुजब गुणमणि--रत्नना भंडार जेवां सुकृत्यो, सघळी रुडी सामग्री प्राप्त करीने जे महानुभावो करे छे--आचरे छे ते पुण्यात्माओ सघळा मोहपासथी सर्वथा मुक्त थइने शाश्वत सुखरुप मोक्ष पदने पामे छे.१०

॥ इति पुण्यप्रभाव प्रदर्शक श्री पुण्यकुलकं ॥

अथ दानमहिमागर्भित श्रीदानकुलकम्.

परिहरिअ रज्जसारो, उप्पाडिअ संजमिक्कगुरुभारो;
खंधाओ देवदूसं, विअरंतो जयउ वीरजिणो ॥ १ ॥

अर्थः—समस्त राज्य ऋद्धिनो अनादर करीने संयम संबंधी अति घणो भार जेमणे उपाड्यो छे अने इन्द्र महाराजे दीक्षा समये स्कंध उपर स्थापेलुं देवदुष्य वस्त्रपण जेमणे पछाडी लागेला विप्रने आपी दीधुं ते श्री वीरप्रभु जयवंता वर्तो. १

धम्मत्थकामभेया, तिविहं दाणं जयंमि विक्खायं;
तहवि अ जिणिंदमुणिणो, धम्मदाणं पसंसंति ॥ २ ॥

अर्थः–धर्म दान, अर्थ दान अने काम दान एम त्रण प्रकारनुं दान दुनीआमां प्रसिद्ध छे. तो पण जिनेश्वर प्रभुनी आज्ञाना रसिक मुनिओ धार्मिक दानने ज प्रशंसे छे. ॥ २ ॥

दाणं सोहग्गकरं, दाणं आरुग्गकारणं परमं;
दाणं भोगनिहाणं, दाणं ठाणं गुणगणाणं ॥ ३ ॥

अर्थः–दान सुख-सौभाग्यकारी छे. दान परम आरोग्यकारी छे. दान पुण्यनुं निधान छे एटले भोगफळकारी छे अने अनेक गुणगणोनुं ठेकाणुं छे. ॥ ३ ॥

दाणेण फुरइ कित्ती, दाणेण होइ निम्मला कंति;
दाणावज्जिअहिअओ, वैरी वि हु पाणियं वहइ ॥ ४ ॥

अर्थः–दानवडे कीर्ति वधे छे, दानथी निर्मळ कांतिरुप लावण्य, सुख सौभाग्य वधे छे अने दानथी वश थयेला हृदयवाळो दुश्मन पण दातारना घरे पाणी भरे छे. ॥ ४ ॥

धणसत्थवाहजम्मे, जं घयदाणं कयं सुसाहूणं,

तक्कारणमुसभजिणो, तेलुक्कपियामहो जाओ ॥ ५ ॥

अर्थः—धनसार्थवाहना भवमां सुसाधुजनोने जे घीनुं दान दीधुं हतुं ते पुण्यना प्रभावथी ऋषभदेव भगवान् त्रण लोकना पितामह (नाथ) थया. ॥ ५ ॥

करुणाई दिन्नदाणो, जम्मंतरगहिअपुन्नकिरिआणो;
तित्थयरचक्करिद्धिं, संपत्तो संतिनाहो वि ॥ ६ ॥

अर्थः—पाछला भवमां करुणावडे पारेवाने अभयदान आप्युं अने पुण्य करीयाणुं खरीदो कीधुं तेथी शांतिनाथजी तार्थंकर अने चक्रवर्तीनी ऋद्धि पाम्या. ॥ ६ ॥

पंचसयसाहुभोयण, दाणावज्जिअ सुपुन्नपब्भारो;
अच्छरिअ चरिअ भरिओ, भरहो भरहाहिवो जाओ॥७॥

अर्थः—पांचसो साधुओने भोजन दान आपवावडे जेणे बहु भारे पुण्य पेदा कर्युं छे एवो अने आश्चर्यकारक चरित्रथी भरेलो एवो भरत भरतक्षेत्रनो नायक—चक्रवर्ती थयो. ॥ ७ ॥

मूलं विणावि दाउं, गिलाण पडिअरण जोग वत्थूणि;
सिद्धो अ रयणकंबल-चंदण वणिओ वि तंमि भवे ॥ ८ ॥

अर्थः—ग्लान (मांदा) मुनिने वापरवा योग्य वस्तुओ वगर मूल्ये आपवाथी रत्नकंबल अने बावनाचंदनतो व्यापारी वाणीयो—वणिक तेज भवमां सिद्धिपद पाम्यो. ॥ ८ ॥

दाऊण खीरदाणं, तवेण सुसिअंगसाहुणो धणिअं;
जणजणिअचमक्कारो, संजाओ सालिभद्दोवि ॥ ९ ॥

अर्थः—तपस्यावडे शोषित देहवाळा साधु मुनिराजने क्षीरनुं दान देवाथी तत्काळ सहु कोइने चमत्कार उपजावे एवो ऋद्धिपात्र शालिभद्र कुमार थयो. ॥ ९ ॥

जम्मंतरदाणाओ, उल्लसिआऽपुव्वकुसलझाणाओ;
कयउन्नो कयपुन्नो, भोगाणं भायणं जाओ ॥ १० ॥

अर्थः—पूर्व जन्ममां दीधेला दानना प्रभावथी प्रगट थयेला अपूर्व (अद्भूत) शुभ ध्यान थकी पुण्यशाळी एवो कयवन्नो शेठ विशाळ सुख भोगनो भागी थयो. ॥ १० ॥

घयपूस वथ्थपूसा, महारिसिणो दोसलेसपरिहीणा;
लद्धीइ सव्वगच्छो-वग्गहगा सुहगईं पत्ता ॥ ११ ॥

अर्थः—बीलकुल दोष रहित एवा घृतपुष्य अने वस्त्रपुष्य नामना महा मुनिओ स्वलब्धिवडे सकळ गच्छनी भक्ति करता छतां सद्गतिने पाम्या. ॥ ११ ॥

जीवंतसामिपडिमाए, सासणं विअरिऊण भत्तीए;
पव्वइऊण सिद्धो, उदाइणो चरमरायरिसी ॥ १२ ॥

अर्थः-जीवंत (महावीर) स्वामीनी प्रतिमा माटे भक्तिथी शासनमां विचरीने (गाम गरास आपीने) छेवटे दीक्षा ग्रहण करीने उदायी नामनो छेल्लो राज-ऋषि मोक्षगतिने पाम्यो. ॥ १२ ॥

जिणहरमंडिअवसुहो, दाउं अणुकंपभत्तिदाणाईं;
तित्थप्पभावगरेहिं, संपत्तो संपइराया ॥ १३ ॥

अर्थः- जेणे पृथ्वीने जिनचैत्योथी मंडित करी छे एवो संप्रति राजा अनुकंपादान अने भक्तिदान देवावडे महान शासनप्रभावकनी पंक्तिमां लेखायो. ॥ १३ ॥

दाउं सद्धासुद्धे, सुद्धे कुम्मासए महामुणिणो;
सिरिमूलदेवकुमारो, रज्जासिरिं पाविओ गुरुई ॥ १४ ॥

अर्थः-रुडी श्रद्धावडे—शुद्ध भावयुक्त निर्दोष एवा अडदना बाकळा महा मुनिने देवावडे श्री (जितशत्रु राजानो पुत्र) मूळदेव कुमार विशाळ राज्य लक्ष्मीने पाम्यो. ॥ १४ ॥

अइदाण मुहर कविअण, विरइअसयसंखकव्व विच्छरिअं;

विक्कमनरिंदचरिअं, अज्जवि लोए परिप्फुरइ ॥ १५ ॥

अर्थः—अतिदान मळवाथी वाचाळ थयेला कवियो(पंडितो)ए सेंकडो काव्योवडे विस्तारेलुं श्री विक्रमादित्य राजानुं चरित्र अद्यापि पर्यंत लोकमां प्रसिध्ध थइ गयुं छे. ॥ १५ ॥

तियलोयबंधवेहिं, तब्भवचरिमेहिं जिणवरिंदेहिं;

कयकिच्चेहिं वि दिन्नं, संवच्छरियं महादाणं ॥ १६ ॥

अर्थः—त्रीलोकी बंधु एवा जिनेश्वरो तेज भवमां मोक्ष जवाना निश्चित अने कृतकृत्य छतां पण तेमणे सांवत्सरिक (एक वर्ष पर्यंत) महादान आप्युं. ॥ १६ ॥

सिरि सेयंसकुमारो, निस्सेयससामिओ कह न होइ;

फासुअदाणपवाहो, पयासिओ जेण भरहंमि ॥ १७ ॥

अर्थः—जेणे प्रासुक (निर्दोष) दाननो प्रवाह आ भरतक्षेत्रमां चलाव्यो एवो श्रीश्रेयांसकुमार मोक्षनो अधिकारी केम न थाय?

कह सा न पसंसिज्जइ, चंदणबाला जिणंददाणेणं;

छम्मासिअ तव तविओ, निव्वविओ जिए वीरजिणो॥ १८॥

अर्थः—छ मासी तप जेमणे करेलो छे एवा वीरप्रभुने जेणीए अडदना बाकुळा पडिलाभवावडे संतोष्या ते चंदनबाळाने केम प्रशंसा न करीए ? ॥ १८ ॥

पढमाइ पारणाई, अकरिंसु करंति तह करिस्संति;
अरिहंता भगवंतो, जस्स घरे तेसिं धुव सिद्धि ॥ १९ ॥

अर्थः—अरिहंत भगवंतोए जेमना घरे प्रथम (तपनां) पारणां कर्यांछे, करेछे अने करशे ते भव्यात्मा ओ अवश्य मोक्षगामीज जाणवा.

जिण भवण बिंब पुथ्थय, संघसरुवेसु सत्ताखत्तेसु;
ववियं धणंपि जायइ, सिवफलयमहो अणंतगुणं ॥ २० ॥

अर्थः—अहो इति आश्चर्ये जिनभुवन (जिनमंदिर) जिनबिंब (प्रतिमा) पुस्तक अने चतुर्विधसंघरूप साते क्षेत्रोमां वावेलुं धन अनंतुं अक्षयफळ आपनारुं थाय छे एम समजी धन ममता तजी तेनो सद्व्यय करी धनवंत लोकोए तेनो ल्हावो लेवो. २०

अथ शीलमहिमागर्भित शीलकुलकम्.

सोहग्ग महानिहिणो, पाए पणमामि नेमिजिणवइणो;
बालेण भुयबलेणं, जणद्दणो जेण निज्जिणिओ ॥ १ ॥

अर्थः—जेमणे बाल्यावस्थामां पोताना भुजाबळवडे कृष्णजीने सर्वथा जीती लीधा हता ते सुख सौभाग्यना समुद्र एवा श्री नेमिनाथ प्रभुनां चरण कमळने हुं प्रणमुं छुं. ॥ १ ॥

सीलं उत्तमवित्तं, सीलं जीवाण मंगलं परमं;
सीलं दोहग्गहरं, सीलं सुक्खाण कुलभवणं ॥ २ ॥

अर्थः-शील—सदाचरणज प्राणीओनुं उत्तम धन छे, शील ज परम मंगलरूप छे. शीलज दुःख दारिद्र्यने हरनारुं छे अने शील ज सकळ सुखनुं धाम छे. ॥ २ ॥

सीलं धम्मनिहाणं, सीलं पावाण खंडणं भणियं;
सीलं जंतूण जए, अकित्तिमं मंडणं परमं ॥ ३ ॥

अर्थः-शीलज धर्मनुं निधान छे. शील—सदाचरणज पापने खंडनकारी कह्युं छे अने शीलज जगतमां प्राणीओनो स्वाभाविक श्रेष्ठ शणगार छे एम भाख्युं छे. ॥ ३ ॥

नरयदुवारनिरुंभण, कवाडसंपुडसहोअरच्छाय;
सुरलोअधवलमंदिर-आरुहणे पवरनिस्सेणिं ॥ ४ ॥

अर्थः-शीलज नरकनां द्वार बंध करवाने कमाडनी जोड जेवुं जबरजस्त छे, अने देवलोकनां उज्वळ विमानो उपर आरूढ थवाने उत्तम नीसरणी समान छे. ॥ ४ ॥

सिरिउग्गसेणधूया, राईमई लहउ सीलवईरेहं;

गिरिविवरगओ जीए, रहनेमि ठाविओ मग्गे ॥ ५ ॥

अर्थः—श्री उग्रसेनराजानी पुत्री राजीमतीने शीलवंतीमां श्रेष्ठ गणवा योग्य छे के जेणे गुफामां प्रथमथी आवी चढेला अने मोहित थयेला रहनेमिने संयम मार्गमां पाछा स्थापित कर्या छे—स्थिर कर्या छे. ॥ ५ ॥

पज्जलिओ विहु जलणो, सीलप्पभावेण पाणीअं होई;
सा जयउ जए सीआ, जीसे पयडा जस पडाया ॥ ६ ॥

अर्थः—शीलना प्रभावथी, प्रज्वलित करेलो एवो पण अग्नि खरेखर जळरुप थइ गयो एवी जश—पताका जेनी जगमां फरकी रही छे ए सीतादेवी जयवंती वर्तो ॥ ६ ॥

चालणिजलेण चंपाए, जीए उग्घाडिअं दुवारतिगं;
कस्स न हरेइ चित्तं, तीए चरिअं सुभद्दाए ॥ ७ ॥

अर्थः—चालणीना जळवडे जेणे चंपानगरीनां त्रण द्वार उघाड्यां हतां ते सुभद्रा सतीनुं (शील) चरित्र कोना चित्तने हरण नथी करतुं?

नंदउ नमयासुंदरी, सा सुचिरं जीए पालिअं सीलं;
गहिलत्तणं पि काउं, सहिआ य विडंबणा विविहा ॥ ८ ॥

अर्थः—ते नर्मदा सुंदरी सती सदाय जयवंती वर्तो! के जेणीए ग्रहिलपणुं (गांडापणुं) आदरीने पण शीलव्रतनुं पालन कर्युं अने (तेनी खातर) विविध प्रकारनी विडंबना सहन करी. ॥ ८ ॥

भद्दं कलावई ए, भीसणरन्नंमि रायचत्ताए;
जं सा सीलगुणेणं, छिन्नंगा पुणन्नवा जाया ॥ ९ ॥

अर्थः-भयंकर अटवीमां राजाए तजी दीधेली कलावती सतीनुं कल्याण थाओ! के जेना शीलगुणना प्रभावथी छेदायेलां अंगो पण फरी नवां थइ गयां. ॥ ९ ॥

सीलवईए सीलं, सक्कइ सक्को वि वन्निउं नेव;
रायनिउत्ता सचिवा, चउरो वि पवंचिआ जीए ॥ १० ॥

अर्थः-शीलवती सतीना शीलने शक्र-इन्द्र पण वर्णववाने समर्थ थइ शके नहिं. के जेणीए राजाए मोकलेला चारे मधानोने छेतरी स्वशीलनुं रक्षण कर्युं छे. ॥ १० ॥

सिरिवद्धमाणपहुणा, सुधम्मलाभुत्ति जीए पट्ठविओ;
सा जयउ जए सुलसा, सारयससिविमलसीलगुणा ॥ ११ ॥

अर्थः-श्री वर्धमान प्रभुए जेणीने उत्तम धर्मलाभ पाठव्यो हतो ते शरदरुतुना चंद्रमा समान निर्मळ शील गुणवाळी सुलसा सती सर्वत्र जयवंती वर्तो. ॥ ११ ॥

हरिहरबंभपुरंदर,-मयभंजण पंचबाणबलदप्पं;

लीलाइ जेण दलिओ, स थूलभद्दो दिसउ भद्दं ॥ १२ ॥

अर्थः-हरि, हर, ब्रह्मा अने इन्द्रना मदने गाळी नाखनारा कामदेवनी शक्तिनो गर्व जेणे लीला मात्रमां दळी नाख्यो ते स्थूलभद्र (मुनिराज) अमारुं कल्याण करो. ॥ १२ ॥

मणहरतारुन्नभरे, पत्थिज्जंतो वि तरुणि नियरेणं;
सुरगिरिनिच्चलचित्तो, सो वयरमहारिसी जयउ ॥ १३ ॥

अर्थः-मनोहर यौवन वयमां अनेक स्त्रीसमुदायवडे (विषय माटे) प्रार्थना करातां छतां जे मेरुगिरि जेवा निश्चळ चित्तवाळा (दृढ) रह्या ते श्री वज्रस्वामि महाराज जयवंता वर्तो । ॥ १३ ॥

थुणिउं (मुणिउ) तस्स न सक्का, सड्ढस्स सुदंसणस्स गुणनिवहं;
जो विसमसंकडेसु वि, पडिओ वि अखंड सीलधणो॥ १४॥

अर्थः-ते सुदर्शन श्रावकना गुणगणने गावा इन्द्र पण समर्थ थइ शके नहि के जे भारे संकटमां आवी पड्या छतां अखंड शीलने राखी शक्यो छे. ॥ १४ ॥

सुंदरि सुनंद चिल्लण-मणोरमा अंजणा मिगावई अ;
जिणसासणसुपसिद्धा, महासई ओ सुहं दिंतु ॥ १५ ॥

अर्थः-सुंदरी, सुनंदा, चिलणा, मनोरमा, अंजना अने मृगावती विगेरे जिनशासनमां प्रसिद्ध थयेली महा

सतीओ सुखशांति आपो ! ॥ १५ ॥

अच्चंकारिअ दट्ठूण, (सुणिऊण) को न धुणइ किर सीसं;
जा अखंडिअ सीला, भिल्लवई कयत्थिआ वि ॥ १६ ॥

अर्थः-अच्चंकारीभटानुं (अद्भुत) चरित्र सांभळीने स्वशीर्ष (मस्तक) कोण न धुणावे ? के जेणीए भिल्लपतिए अत्यंत कदर्थना कर्या छतां अडगपणे स्वशीलने अखंड साचवी राख्युं. ॥ १६ ॥

नियमित्तं नियभाया, निय जणओ निय पियामहो वा वि;
नियपुत्तो वि कुसीलो, न वल्लहो होइ लोआणं ॥ १७ ॥

अर्थः-गमे तो निज मित्र, निज बंधु, निज तात, निज तातनो तात के निज पुत्र होय पण जो कुशील हशे तो ते लोकोने प्रिय थइ शकशे नहिं. ॥ १७ ॥

सव्वेसिं पि वयाणं, भग्गाणं अत्थि कोइ पडिआरो;
पक्कघडस्स व कन्ना, ना होइ सीलं पुणो भग्गं ॥ १८ ॥

अर्थः-बीजां बधां व्रत भग्न थयां होय तो तेनो उपाय कंइने कंइ आलोचना--निंदा प्रायश्चितादिक रुप होइ शके पण पाका घडाने कांना सांधवानी पेरे भांगेला शीलने सांधवुं दुर्घट--दुःशक्य छे. ॥ १८ ॥

वेआलभूअरक्खस-केसरिचित्तयगइंदसप्पाणं;

लीलाइ दलइ दप्पं, पालंतो निम्मलं सीलं ॥ १९ ॥

अर्थः-निर्मल शीलनुं रक्षण करनार भव्यात्मा, वैताल, भूत राक्षस, केसरीसिंह, चित्रा, हाथी अने सर्पना दर्प (अहंकार) ने लीला मात्रमां (जोत जोतामां) दळी नांखे छे. ॥ १९ ॥

जे केइ कम्ममुक्का, सिद्धा सिझंति सिझिहिंति तहा;
सव्वेसिं तेसिं बलं, विसालसीलस्स दुल्लिअं (माहप्पं) ॥ २० ॥

अर्थः-जे कोइ महाशयो सर्व कर्मथी मुक्त थइने सिद्धि पदने पाम्या छे. वर्तमानकाळमां (महाविदेहादिक क्षेत्रमां) सिद्धि पदने पामे छे अने भविष्यकाळमां आ भरतादिक क्षेत्रमां पण सिद्धिपदने पामशे ते आ पवित्र शीलनोज प्रभाव जाणवो. उत्तम शील चारित्र (यथाख्यात चारित्र) नी प्राप्ति करनारनी अवश्य सिद्धि थायज छे. शील--चारित्रनुं आवुं उत्तम माहात्म्य शास्त्रकारोए जणावेलुं छे, ते दिलमां लइ भव्यजनोए (सहु भाइ व्हेनोए निर्मळ शील--रत्ननुं परिपालण करवा सदोद्यम (हमेशां उद्यमवाळा) रहेवुं उचित छे. ॥ २० ॥ इति शील कुलकं.

अथ श्रीतपःकुलकम्.

सो जयउ जुगाई जिणो, जस्संसे सोहए जडामउडो;
तवझाणग्गिपज्जलिअ-कम्मिंधण धूम लहरिव [पंतिव्व] १

अर्थः—प्रबळ ध्यानरुप नवा अग्निवडे बाळी नांखेला कर्मइन्धनोनी धूमपंक्ति जेवो जटाकलाप जेमना खभा उपर शोभी रह्यो छे ते युगादिप्रभु जयवंता वर्तो ! ॥ १ ॥

संवच्छरिअ तवेणं, काउस्सग्गंमि जो ठिओ भयवं;
पूरिअ नियय पइन्नो, हरउ दुरिआई बाहुबली ॥ २ ॥

अर्थः—एक वर्ष पर्यंत तपवडे काउसग्ग मुद्राए खडा रही जे महात्माए स्वप्रतिज्ञा पूर्ण करी छे ते बाहुबली महाराज (अमारा) दुरित--पाप दूर करो ! ॥ २ ॥

अथिरं पि थिरं वंकंपि उजुअं दुल्लहंपि तह सुलहं;
दुस्सझंपि सुसझं, तवेण संपज्जए कज्जं ॥ ३ ॥

अर्थः—तपना प्रभावथी अस्थिर होय ते पण स्थिर थाय छे, वांकुं होय ते पण सरळ थाय छे, दुर्लभ होय ते पण सुलभ थाय छे अने दुःसाध्य होय ते पण सुसाध्य थाय छे. ॥ ३ ॥

छठ्ठं छठ्ठेण तवं, कुणमाणो पढमगणहरो भयवं;
अक्खीणमहाणसीओ, सिरिगोयमसामिओ जयउ ॥४॥

अर्थः—छठ्ठ छठ्ठ तप आंतरारहित करता प्रथम गणधर श्री गौतमस्वामी महाराज अक्षीण महानसी नामनी महालब्धिने प्राप्त थया ते जयवंता वर्तो ! ॥ ४ ॥

सोहइ सणंकुमारो, तवबलखेलाइलद्धिसंपन्नो;
निठुअ खवडियंगुलिं, सुवन्नसोहं पयासंतो ॥ ५ ॥

अर्थः-थूंकवडे खरडेली आंगळीने सुवर्ण जेवी शोभती करी देखाडता एवा सनत्कुमार राजर्षि तपोबळथी खेलादिक लब्धि संपन्न छता शोभे छे. ॥ ५ ॥

गो बंभ गब्भ गब्भिणी, बंभिणीघायाइ गुरुअपावाई;
काऊण वि कणयं पि व, तवेण सुद्धो दढप्पहारी ॥ ६ ॥

अर्थः-गौ, ब्रह्म, गर्भ अने गर्भवती ब्राह्मणीनी हत्यादिक महा उग्र पापने कर्या छतां दढप्रहारी (छेवटे) मुनिपणे तप सेवनवडे सुवर्णनी पेरे शुद्ध थया. ॥ ६ ॥

पुव्वभवे तिव्व तवो, तविओ जं नंदिसेण महरिसिणा;
वसुदेवो तेण पिओ, जाओ खयरी सहस्साणं ॥ ७ ॥

अर्थः--पूर्व जन्ममां नंदिषेण महर्षिए जे तीव्र तप कर्यो हतो तेना प्रभावथी वसुदेव हजारो गमे विद्याधरीओना प्रिय--पति थया. ७

देवावि किंकरत्तं, कुणंति कुलजाइविरहिआणंपि;
तवमंतपभावेणं, हरिकेसबलस्स व रिसिस्स ॥ ८ ॥

अर्थः--तीव्र तप मंत्रना प्रभावथी हरिकेशबळ ऋषिनी पेठे (उत्तम) कुळ अने जातिहीन होय तोपण तेमनी देवताओ पण सेवा उठावे छे. ॥ ८ ॥

पडसय मेग पडेणं, एगेण घडेण घडसहस्साईं;
जं किर कुणंति मुणिणो, तव कप्पतरुस्स तं खु फलं॥९॥

अर्थः--मुनिजनो जे एक पट (वस्त्र) वडे सेंकडो पट-वस्त्रो करे छे अने एक घट--भाजनवडे हजारो घट--भाजनो करे छे ते निश्चे तपरूप कल्पवृक्षनुंज फळ छे. ॥ ९ ॥

अनिआणस्स विहिए, तवस्स तविअस्स किं पसंसामो;
किज्जइ जेण विणासो, निकाईयाणं पि कम्माणं ॥ १० ॥

अर्थः-जेनावडे निकाचित कर्मोनो पण ध्वंस करी शकाय छे एवा यथाविध नियाणा रहित करेला तपनी अमे केटली प्रशंसा करीए?

अईदुक्कर तवकारी, जगगुरुणा कन्हपुच्छिएण तदा;
वाहरिओ सो महप्पा, समरिज्जओ ढंढणकुमारो॥ ११ ॥

अर्थः--अढार हजार मुनिओमां अति दुष्कर तप करनार कया साधु छे? एम कृष्णे एकदा पूछये छते नेमिप्रभुए जे महाशयने वखाण्या ते ढंढणमुनि (सदाय) स्मरणीय छे. ॥ ११ ॥

पइदिवसंसत्तजणे,हणिऊण[वहिऊण]गहियवीरजिणदिक्खा

दुग्गाभिग्गहनिरओ, अज्जुणओ मालिओ सिद्धो ॥ १२ ॥

अर्थः--प्रति दिवस (भूतावेशथी) सात सात जणनो वध करीने छेवटे वीरप्रभु पासे दीक्षा ग्रही जे घोर--दुष्कर अभिग्रह पाळवामां उजमाळ थयो ते अर्जुनमाळीमुनि सिद्धिपद पाम्यो. ॥ १२ ॥

नंदीसररुअगेसु वि, सुरगिरिसिहरेवि एगफालाए;
जंघाचारणमुणिणो, गच्छंति तवप्पभावेणं ॥ १३ ॥

अर्थः--नंदीश्वर नामना आठमा द्वीपे तथा रुचक नामना तेरमा द्वीपे तेमज मेरु पर्वतना शिखरो उपर एक फाळे करी जंघाचारण अने विद्याचारण मुनिओ तपना प्रभावे जइ शके छे. ॥ १३ ॥

सेणियपुरओ जेसिं, पसंसिअं सामिणा तवोरुवं;
ते धन्ना धन्नमुणी, दुन्हवि पंचुत्तरे पत्ता ॥ १४ ॥

अर्थः-श्रेणिकराजानी पासे वीर परमात्माए जेमनुं तपोबळ वखाण्युं हतुं ते धन्नोमुनि (शालिभद्रना बनेवी) अने धन्नकाकंदी बंने मुनिओ सर्वार्थ सिद्ध विमाने गया. ॥ १४ ॥

सुणिऊण तव सुंदरी-कुमरीए अंबिलाण अणवरयं;
सट्ठिं वाससहस्सा, भण कस्स न कंपए हिअयं ॥ १५ ॥

अर्थः--ऋषभदेव स्वामीनी पुत्री सुंदरीए ६० हजार वर्ष पर्यंत कायम आंबिल तप कर्यो ते सांभळी कहो ! कोनुं हृदय कंप्या वगर रहेशे ? ॥ १५ ॥

जं विहिअमंबिलतवं, बारसवरिसाइं सिवकुमारेण;
तं दट्ठु जंबुरुवं, विम्हइओ सेणिओ राया ॥ १६ ॥

अर्थः--(पूर्व भवमां) शिवकुमारे बार वर्ष पर्यंत आंबिल तप कर्यो हतो तेना प्रभावथी जंबुकुमारनुं अद्भुतरुप देखीने श्रेणिक राजा विस्मय पाम्यो हतो. ॥ १६ ॥

जिणकप्पिअ परिहारिअ, पडिमापडिवन्न लंदयाईणं;
सोऊण तवसरुवं, को अन्नो वहउ तवगव्वं ॥ १७ ॥

अर्थः--जिनकल्पी, परिहार विशुद्धि, प्रतिमाप्रतिपन्न अने यथालंदी तपस्वी साधुओनां तपनुं स्वरुप सांभळीने बीजो कोण तपनो गर्व करवो पसंद करशे ? ॥ १७ ॥

मासद्ध मासखवओ, बलभद्दो रुपवं पि हु विरत्तो;
सो जयउ रन्नवासी, पडिबोहिअ सावयसहस्सो ॥ १८ ॥

अर्थः--अति रुपवंत छता विरक्त थइ अरण्यमां वसी जेणे हजारो श्वापद जानवरोने प्रतिबोध्यां छे ते मास अर्ध मासनी तपस्या करता बलिभद्रमुनि जयवंता वर्तो ॥ १८ ॥

थरहरिअधरं झलहलिअ-सायरं चलियसयलकुलसेलं;
जमकासी जयं विण्हु, संघकए तं तवस्स फलं ॥ १९ ॥

अर्थः-श्री संघनुं कष्ट निवारण करवा माटे विष्णुकुमारे लक्ष योजनप्रमाण रुप विकुर्व्युं त्यारे पृथ्वी कंपायमान थइ, सागर जळहळ्या-हालकल्लोल थया, अने हिमवंतादिक पर्वतो चलायमान थया अने छेवटे श्री संघनुं रक्षण कर्युं ते सर्व तपनुंज फळ जाणवुं ॥ १९ ॥

किं बहुणा भणिएणं, जं कस्सवि कहवि कथ्थवि सुहाइं;
दीसंति (तिहुअण) भवणमज्झे, तथ्थ तवो कारणं चेव २०

अर्थः-तपनो प्रभाव केटलो वर्णवी शकाय ? जे कोइने कोइ पण प्रकारे क्यांय पण त्रिभुवन मध्ये सुख-समाधि प्राप्त थाय छे त्यां सर्वत्र (बाह्य अभ्यंतर) तपज कारणरुप छे एम चोकस समजवुं अने तेनुं आराधन करवा यथाविध उद्यम सेववो.

अथ श्री भावकुलकम्.

कमठासुरेण रइयंमि, भीसणे पलयतुल्ल जयबोले;
भावेण केवललच्छिं, विवाहिओ जयउ पासजिणो ॥१॥

अर्थः—कमठासुरे रचेला भारे भयंकर प्रलयकाळना जेवा जळ उपद्रव काळे समभावने धारण करवावडे जे केवळ ज्ञान लक्ष्मीने वर्या ते श्री पार्श्वप्रभु जयवंता वर्तो ! ॥ १ ॥

निच्चुन्नो तंबोलो, पासेण विणा न होइ जह रंगो;
तह दाणसीलतवभावणाओ, अहलाओ सव्व भावविणा ॥ २ ॥

अर्थः—जेम (काथा) चूना वगरनुं तांबूल (नागरवेली पान) अने पास वगरनुं वस्त्र ठीक रंगातुं नथी तेम भाव वगर दान शील तप अने भावनाओ पण फळदायी नहि थतां--अफळ थाय छे. ॥ २ ॥

मणिमंत ओसहीणं, जंततंताण देवयाणं पि;
भावेण विणा सिद्धि, न हु दीसइ कस्स वि लोए ॥ ३ ॥

अर्थः—मणि, मंत्र, औषधी तेमज जंत्र तंत्र अने देवतानी पण साधना दुनीयामां कोइने भाव वगर सफळ थती नथी. भाव योगेज ते ते वस्तुओनी सिद्धि थती देखाय छे ॥ ३ ॥

सुहभावणावसेणं, पसन्नचंदो मुहुत्तमित्तेण;
खविऊण कम्मगंठिं, संपत्तो केवलं नाणं ॥ ४ ॥

अर्थः—शुभ भावना योगे पसन्नचंद्र (राजर्षि) बे घडी मात्रमां रागद्वेषमय कर्मनी गुंफील ग्रंथी गांठने भेदी नांखी केवळज्ञान पाम्या.

सुस्सूसंती पाए, गुरुणीणं गरहिऊण नियदोसे;

उप्पन्न दिव्वनाणा, मिगावई जयउ सुहभावा ॥ ५ ॥

अर्थः-निजदोष (अपराध) नी निंदा गर्हा करीने गुरुणीनां चरणनी सेवा करतां जेणीने शुभ भावथी केवळज्ञान उपन्यु ते मृगावती साध्वी जयवंती वर्तो ! ॥ ५ ॥

भयवं ईलाइपुत्तो, गुरुए वंसंमि जो समारुढो;
दट्ठूण मुणिवरिंदं, सुहभावओ केवली जाओ ॥ ६ ॥

अर्थः-मोटा वांस उपर नाचवा माटे चढ्या छतां कोइ महामुनिराजने देखी शुभ भावथी पूज्य इलाचिपुत्रने केवळज्ञान प्रगट थयुं. ए सद्भावनोज प्रभाव समजवो. ॥ ६ ॥

कविलो अ बंभणमुणी, असोगवणिआई मज्झयारंमि;
लाहालोहत्ति पयं, पढंतो (झायंतो) जायजाइसरो ॥७॥

अर्थः-कपिल नामनो ब्राह्मण मुनि अशोक वाटिकामां "जहा लाहो तहा लोहो; लाहा लोहो पवड्ढइ" ए पदनी विचारणा करतो शुभ भावथी जातिस्मरण ज्ञान पाम्यो. ॥ ७ ॥

खवग निमंतणपुव्वं, वासिअभत्तेण सुद्धभावेण;
भुंजंतो वरनाणं, संपत्तो कूरगड्डू वि (कूरगड्डूओ) ॥ ८ ॥

अर्थः-वासित भाववडे तपस्वी साधुओने निमंत्रण करवा पूर्वक भोजन करता शुद्ध भावथी कूरगड्डुमुनि केवळज्ञान पाम्या.८

पूव्वभवसूरिविरइअ-नाणासाअणपभाव दुम्मेहो;
नियनामं झायंतो, मासतुसो केवली जाओ ॥ ९ ॥

अर्थः-पूर्व भवे आचार्यपणे करेली ज्ञानी आशातनाना प्रभावथी बुद्धिहीन थयेला 'मा' तुस' मुनि निज नामने ध्याता छतां (कोइनी उपर राग के रीस न करवारुप गुरु महाराजाए बतावेला परमार्थ सामे दृष्टि राखी रहेतां) घाति कर्मनो क्षय करी (शुद्ध निर्मळ भावथी) केवळज्ञान पाम्या. ॥ ९ ॥

हत्थिंमि समारुढा, रिद्धिं दट्ठूण उसभसामिस्स;
तक्खण सुहझाणेणं, मरुदेवी सामिणी सिद्धा ॥ १० ॥

अर्थः-हाथीना स्कंध उपर आरुढ थयेला मरुदेवीमाता ऋषभदेव स्वमीनी ऋद्धि-सिद्धि देखीने तत्काळ शुभ ध्यानथी अंतकृत् केवळी थइ मोक्षपद पाम्या. ॥ १० ॥

पडिजागरमाणीए, जंघाबलखीण मन्निआपुत्तं;
संपत्तकेवलाए, नमो नमो पुप्फचूलाए ॥ ११ ॥

अर्थः-जंघाबळ जेनुं क्षीण थयुं छे एवा अणिकापुत्र आचार्यनी सेवा (उचित वैयावच्च) करतां जेने केवळज्ञान प्राप्त थयुं ते पुष्पचूला साध्वीने पुनःपुनः नमस्कार हो ! ॥ ११ ॥

पन्नरसयतावसाणं, गोअमनामेण दिन्नदिक्खाणं;

उप्पन्नकेवलाणं, सुहभावाणं नमो ताणं ॥ १२ ॥

अर्थः–गौत्तमस्वामीए जेमने दीक्षा दीधी छे अने शुभ भावनवडे केवळज्ञान उत्पन्न थयुं छे एवा पंदरसो तापसोने नमस्कार हो. १२

जीवस्स सरीराओ, भेअं नाउं समाहिपत्ताणं;
उप्पाडिअनाणाणं, खंदक सीसाण तेसि नमो ॥ १३ ॥

अर्थः–पापी पालकवडे यंत्रमां पीलाता छता जीवने शरीरथी जुदो जाणीने समाधि प्राप्त थयेला जेमने केवलज्ञान पेदा थयुं छे ते स्कंदकसूरिना सघळा शिष्योने नमस्कार हो ! ॥ १३ ॥

सिरिवद्धमाणपाए, पूअथ्थी सिंदुवारकुसुमेहिं;
भावेणं सुरलोए, दुग्गइनारि सुहं पत्ता ॥ १४ ॥

अर्थः–श्री वर्धमान स्वामीनां चरणने सिंदुवारनां फूलथी पूजवाने इच्छती दुर्गता नारी शुभ भाववडे काळ करीने देवगतिमां उपजीने सुखी थइ. ॥ १४ ॥

भावेण भुवणनाहं, वंदेउं दद्दुरोवि संचलिओ;
मरिऊण अंतराले, नियनामंको सुरो जाओ ॥ १५ ॥

अर्थः–एक देडको पण भावथी भुवनगुरु श्री वर्धमानस्वामीने वांदवा चाल्यो त्यां मार्गमां घोडानी खरी नीचे कचराइ मरण पामीने निजनामांकित–दर्दुरांक नामे देवता थयो. ॥ १५ ॥

विरया विरयसहोअर, उदगस्स भरेण भरिअसरिआए;
भणीयाअ सावियाए, दिन्नो मग्गुत्ति भाववसा ॥ १६ ॥

अर्थः-विरत साधु अने अविरत श्रावक (राजा) जे बंने सगा भाई हता तेमने उद्देशीने आ साधु सदाय उपवासी होय अने आ श्रावक सदाय ब्रह्मचारी होय तो अमने हे नदीदेवी ! मार्ग आपजे. एम उक्त मुनिने वंदना करवा जतां अने पाछा वळतां मार्गमां पाणीना पूरथी भरेली नदीने संबोधी ते श्राविका (राणीओ) ए कहे छते तेमना साचा भावथी नदीए तेमने तरतज पेछे पार जवा देवा माटे मार्ग करी आप्यो हतो. ॥ १६ ॥

सिरिचंडरुद्दगुरुणा, ताडिज्जंतो वि दंडघाएण;
तक्कालं तस्सीसो, सुहलेसो केवली जाओ ॥ १७ ॥

अर्थः श्री चंडरुद्र गुरुवडे दंडप्रहारथी ताडन करातो एवो तेनो (शान्त) शिष्य शुभ लेश्यावंत छतो तत्काल केवळज्ञान पाम्यो.

जं न हु भणिओ बंधो, जीवस्स वहे वि समिइगुत्ताणं;
भावो तत्थ पमाणं, न पमाणं कायवावारो ॥ १८ ॥

अर्थः-समिति गुप्तीवंत साधुओने कवचित् जीवनो वध थइ जाय छे तो पण जे तेमने निश्चे बंध कह्यो नथी तेथी तेमां भावज प्रमाण छे पण कायव्यापार प्रमाण नथी. ॥ १८ ॥

भावच्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ;
सम्मत्तस्स वि बीअं, भावच्चिय बिंति जगगुरुणो ॥ १९ ॥

अर्थः–भावज खरो परमार्थ छे, भावज धर्मनो साधक—मेळवी आपनार छे अने भावज निश्चयने उत्पन्न करी आपनार छे; एम त्रिभुवन गुरु श्री तीर्थंकरो कहे छे. ॥ १९ ॥

किं बहुणा भणिएणं. तत्तं निसुणेह भो ! महासत्ता !
मुक्खसुहवीयभूओ, जीवाण सुहावहो भावो ॥ २० ॥

अर्थः–घणुं घणुं शुं कहीए ? हे सत्ववंत महाशयो ! हुं तमोने तत्व निचोळरुप वचन कहुं छुं ते तमे सावधानपणे सांभळो–मोक्ष सुखना बीजरुप जीवोने सुखकारी भावज छे अर्थात् ए द्वारा योगेज जीवो मोक्ष सुख मेळवी शके छे. ॥२०॥

इय दाणसीलतवभावणाओ, जो कुणइ सत्तिभत्तिपरो;
देविंदविंदमहिअं, अइरा सो लहइ सिद्धिसुहं ॥ २१ ॥

अर्थः–आ दान शील तप अने भावनाओने भव्यात्मा शक्ति अने भक्तिना उल्लास योगे करे छे ते महाशय इंद्रोना समूह वडे पूजित एवुं अक्षय मोक्ष सुख अल्पकाळमां मेळवी शके छे. आ कुलकमां छेवटे ग्रंथकारे पोतानुं देवेन्द्रसूरि एवुं नाम गर्भितपणे सूचव्युं जणाय छे. उक्त महाशयनां अतिहितकर वचनोने खरा भावथी आदरवां ए आपणुं खास कर्तव्य छे. ॥२१॥

अथ अभव्य कुलकम्.

जह अभविय जीवेहिं, न फासिया एवमाइया भावा;
इंदत्तमणुत्तरसुर, सिलायनर नारयत्तं च ॥ १ ॥

अर्थः—अभव्य जीवोए आ हवे पछी कहेवामां आवशे ते भावो स्पर्शा नथी. ते इंद्रपणुं, अनुत्तरवासी देवपणुं, त्रेसठ शलाका पुरुषपणुं अने नव नारदपणुं ॥ १ ॥

केवलिगणहरहथ्थे, पव्वज्जा तिथ्थवच्छरं दाणं;
पवयणसुरी सूरत्तं, लोगंतिय देवसामित्तं ॥ २ ॥

अर्थः—वळी केवळी तथा गणधरना हाथे दीक्षा, तीर्थंकरनुं वार्षिक दान, प्रवचननी अधिष्ठायक देवी तथा देवपणुं, लोकांतिक देवपणुं अने देवपतिपणुं न पामे ॥ २ ॥

तायत्तीससुरत्तं, परमाहम्मिय जुयलमणुअत्तं;
संभिन्नसोय तह. पुव्वधराहारयपुलायत्तं ॥ ३ ॥

अर्थः—त्रायत्रिंशकदेवपणुं, पंदर जातिना परमाधामीपणुं, युगळिया मनुष्यपणुं, वळी संभिन्न श्रोत लब्धि, पूर्वधरलब्धि, आहारकलब्धि, अने पुलाकलब्धिपणुं पण न पामे ॥ ३ ॥

मइनाणाई सुलद्धी, सुपत्तदाणं समाहिमरणत्तं;
चारणदुगमहुसिप्पय, खीरासव खीणठाणत्तं ॥ ४ ॥

अर्थः-मतिज्ञान तथा श्रुतज्ञानादिकनी लब्धि, सुपात्रदान, समाधिमरण, विद्याचारण अने जंघाचारणनी लब्धि, मधुसर्पिलब्धि, क्षिराश्रवलब्धि, अक्षिणमाणसी लब्धि पण न पामे ॥ ४ ॥

तित्थयर तित्थपडिमा, तणुपरिभोगाइ कारणेवि पुणो;
पुढवाइय भावंमि वि, अभव्वजीवेहिं नो पत्तं ॥ ५ ॥

अर्थः-तीर्थंकर तथा तीर्थंकरनी प्रतिमाना शरीरना परिभोगादि कारणमां पण अभव्य जीवो पृथ्वीकायना भावोने न पामे. ।५।

चउदस रयणत्तंपि, पत्तं न पुणो विमाणसामित्तं ॥
सम्मत्तनाणसंयम, तवाइ भावा न भावदुगे ॥ ६ ॥

अर्थः-चौद रत्नपणुं अने वली विमाननुं स्वामीपणुं न पामे. वली सम्यक्त ज्ञान, दर्शन, चारित्र, अने तवादि बाह्याभ्यंतर ए बे भाव पण न पामे. ॥ ६ ॥

अणुभवजुत्ता भत्ती, जिणाणसाहम्मियाण वच्छलं;
नय साहेइ अभव्वो, संविगत्तं न सुप्परव्खं ॥ ७ ॥

अर्थः–अभव्य जीव अनुभव युक्त भक्ति, जिनेश्वरनी आज्ञा मपाणे साधर्मिनी सेवा भक्ति, संसारथी वैराग्यपणुं तेमज शुक्लपक्ष न पामे. ॥ ७ ॥

जिणजणयजणणिजाया, जिण जक्खा जक्खणी जुगपहाणा।
आयरियपयाइ दसगं, परमत्थ गुणड्ढ मप्पत्तं ॥ ८ ॥

अर्थः--जिनेश्वरना माता, पिता, स्त्री, जक्ष, जक्षणी अने युगमधान पण न थाय. वळी आचार्यादि दश पदनो विनय तेमज परमार्थथी अधिक गुणवंतपणुं न पामे. ॥ ८ ॥

अणुबंधहेउसरूवा, तत्थ अहिंसा तिहा जिणुद्दिट्ठा;
दव्वेण य भावेण य, दुहावि तेसिं न संपत्ता ॥ ९ ॥

अर्थः--वळी अभव्यजीव अनुबंध, हेतु अने स्वरूप एवी त्रण मकारे श्री जिनेश्वरे कहेली अहिंसा द्रव्य अने भाव एवा बे भेदथी न पामे. ॥ ९ ॥

अथ पुण्यपाप कुलकम्.

छत्तीसदिनसहस्सा, वाससये होइ आउपरिमाणं;
झिज्झंतं पईसमयं, पिच्छओ धम्मं मि जइअव्वं ॥ १ ॥

अर्थः--सो वरसना छत्रीस हजार दिवस, आयुष्यनुं एटलुं परिमाण होय छे. ते समये समये ओछुं थतुं जायछे, एम जाणीने धर्ममां यत्न करवो. ॥ १ ॥

जइ पोसहसहीओ तव, नियमगुणेहिं गम्मइ एगदिणं;
ता बंधइ देवाउ, इत्तियमित्ताइं पलियाइं ॥ २ ॥

अर्थः--जो कोइ जीव पोसह सहित तप नियमना गुणोथी एक दिवस गाळे तो ते आगळ कहेशे तेटला पल्योपमनुं देवतानुं आयुष्य बांधे छे. ॥ २ ॥

सगवीसं कोडीसया, सत्तहत्तरी कोडिलक्ख सहस्सा य;
सत्तसया सत्तहुत्तरि, नवभागा सत्तपलियस्स ॥ ३ ॥

अर्थः--सत्तावीस सो क्रोड, सीत्योतेर क्रोड; सीत्योतेर लाख सीत्योतेर हजार, सातसोने सीत्योतेर एटला पल्योपम अने वली एक पल्योपमनो सातमो भाग ॥ ३ ॥

अट्ठासीई सहस्सा, वाससये दुन्निलक्ख पहराणं;
एगोविअ जइ पहरो, धम्मजुओ ता इमो लाहो ॥ ४ ॥

अर्थः--एक सो वर्षना बे लाख अने अठासी हजार पहोर छे. तेमांथी जो कोइ जीव एक पण पहोर धर्मयुक्त (पोसहव्रत युक्त) थाय तो तेने आगळ कहेशे एटलो लाभ थाय छे. ॥ ४ ॥

तिसयसगं चत्तकोडि, लक्खा बावीस सहस बावीसा;
दुसय दुवीस दुभागा, सुराउबंधो य इगपहरे ॥ ५ ॥

अर्थः--त्रणसो सुडताली क्रोड, बावीस लाख, बात्रीस हजार बसो अने बात्रीस, वळी उपर बे भाग. वर्षमां एक पहोर पोसह करनारने देवतानां आयुष्यनो एटलो बंध थाय छे. ॥ ५ ॥

दस लक्ख असीय सहसा, मुहुत्त संखाय होइ वाससए;
जइ सामाइअसहिउ, एगोविअत्ता इमो लाहो ॥ ६ ॥

अर्थः–सो वर्षनां मूहूर्त्त (बे घडीयो) दस लाख अने ऐंसी हजार थाय छे. जे जीव ए एक मुहूर्त्त सामायिक करे तो तेने आगळी गाथामां कहेशे तेटलो लाभ थाय छे. ॥ ६ ॥

बाणवयकोडीओ, लक्खा गुणसट्ठि सहस्स पणवीसं;
नवसयपणवीस जूआ, सतिहा अडभाग पलियस्स॥७॥

अर्थः–बाणुं क्रोड, ओगणसाठ लाख, पच्चीस हजार नवसो पच्चीस अने उपर एक पल्योपमना आठीया सात भाग; एटलुं देवगतिनुं आयुष्य बे घडी सामायक करनार जीव बांधे छे. ॥ ७ ॥

वाससये घडिआणं, लक्खिगवीसं सहस्स तह सट्ठी;

पु. ३१

एगावि अ धम्मजूआ, जइ ता लाहो इमो होइ ॥ ८ ॥

अर्थः–एक वर्षनी घडियो एकवीस लाख अने साठहजार थाय, तेमांथी एक घडी पण जो जीव धर्म युक्त होय तो तेने आगली गाथामां कहेशे तेटलो लाभ थाय छे. ॥ ८ ॥

छायालकोडी गुणती-स लक्ख छासट्ठी सहस्स सयनवगं;
ते सट्ठीकिंच्चूणा, सुराउ बंधोइ इगघडिए ॥ ९ ॥

अर्थः–एक घडी धर्म करनार जीव छेतालीस क्रोड, ओगणत्रीस लाख, छासठ हजार, नवसो अने कांइक ओछा एवा त्रेसठ एटला पल्योपमनुं आयुष्य बांधे. ॥ ९ ॥

सट्ठी अहोरत्तेणं, घडीआओ जस्स जंति पुरिसस्स;
नियमेणवि रहीआओ, सो दिअहओ निष्फलो तस्स॥१०॥

अर्थः--एक दिवसनी साठना प्रमाणे जे पुरुषनी घडीओ जाय छे तेमां व्रत नियमथी पण रहित जाय ते दिवस तेनो निष्फल जाणवो. ॥ १० ॥

चत्तारीअ कोडिसया, कोडीओ सत्तलक्ख अडयाला;
चालीसं च सहस्सा, वाससय हुंति ऊसासा ॥ ११ ॥

कु. ३१

अर्थः—एकसो वर्षना चारसोने सातक्रोड अडतालीस लाख, चालीस हजार एटला श्वासोश्वास थाय छे. ॥११॥

इक्कोवि अ ऊसासो, न य रहिओ होइ पुण्णपावेहिं;
जइ पुण्णेणं सहिओ, एगोविअ ता इमो लाहो ॥ १२ ॥

अर्थः—तेमांथी एक पण श्वासोश्वास पुण्य पाप रहित होय नहि; परंतु कोइ जीव जो एक श्वासोश्वास पुण्य सहित होय तो तेने आगली गाथामां कहेशे तेटलो लाभ थाय छे. ॥ १२ ॥

लक्ख दुग सहस पण चत्तं, चउसया अट्ठचेव पलियाइं;
किंचूणा चउभागा, सुराउ बंधे इगुसासे ॥ १३ ॥

अर्थः—बे लाख, पीसतालीस हजार, चारसोने आठ पल्योपम वली कांइक ओछा चार भाग, एटलुं देवतानुं आयुष्य एक श्वासोश्वास धर्म करनारो पामे. ॥ १३ ॥

एगुणवीसं लक्खा, तेसट्ठी सहस्स दुसय सत्तठी;
पलियाइं देवाउ, बंधइ नवकार उस्सग्गो ॥ १४ ॥

अर्थः—ओगणीस लाख, त्रेसठ हजार बसोने अडसठ पल्योपमनुं देवायु नवकार गणनारो अथवा आठ श्वासोश्वास धर्म सेवनारो पामे. ॥ १४ ॥

लक्खिगसट्ठी पणती-स सहस दुसय दसपलिय देवाउ;

बंधई अहियं जीवो, पणवीसुसास उस्सग्गो ॥ १५ ॥

अर्थः-एकसठ लाख, पांत्रीस हजार, बसो ने दश पल्योपमनुं देवतानुं आयुष्य पचीस श्वासोश्वास अथवा एक लोगस्सनो काउसग्ग करनार जीव बांधे. ॥ १५ ॥

एवं पाव परायाणं, हवेओ निरयाओ अस्स बंधोवि;
इअ नाउ सिरिजिणकित्ति-अंमि धम्मंमि उज्झमं कुणह। १६

अर्थः-हे भव्य जीवो ! पाप करनाराने ए प्रमाणे नरकनो बंध पण होय छे. एम जाणीने श्री जीनेश्वरे कहेला धर्मने विषे उद्यम करो. ॥ १६ ॥

श्री गौतम कुलकं.

लुद्धा नरा अथ्थ परा हवंति, मूढा नरा काम परा हवंति,
बुद्धा नरा खंति परा हवंति, मिस्सा नरा तिन्निवि आयरंति॥ १

अर्थः--लोभी पुरुषो धन मेळववा तत्पर होय छे. मूर्ख पुरुषो काम भोगमां तत्पर होय छे; तत्त्वना जाण पुरुषो क्षमामां तत्पर होय छे अने मिश्र पुरुषो धन, काम, अने क्षमामां तत्पर होय छे. ॥ १ ॥

ते पंडिया जे विरया विरोहे, ते साहुणो जे समयं चरंति;

ते सत्तिणो जे न चलंति धम्मं, ते बंधवा जे वसणे हवंति २

अर्थः-जे विरोधथी विरम्या तेज पंडितो, जे सिद्धांतनी रीते चाले तेज साधुओ; जे धर्मथी न चळे तेज सत्व-वंत, जे आपदा समये आपणा थाय तेज बांधवो कहीए. ॥ २ ॥

कोहाभिभूया न सुहं लहंति, माणंसिणो सोयपरा हवंति;
मायाविणो हुंति परस्स पेसा, लुद्धा महिच्छा नरयं उविंति ३

अर्थः-क्रोधथी भरेला जीवो सुख न पामे, मान राखनारा जीवो सोच करवामां तत्पर होय छे; मायावी जीवो पारका चाकर थाय, लोभथी महा इच्छावाळा जीवो नरकमां उत्पन्न थाय. ॥ ३ ॥

कोहो विसं किं अमयं अहिंसा, माणो अरी किं हिय-मप्पमाओ
मायाभयं किं सरणं तु सच्चं, लोहो दुहो किं सुह-माह तुट्ठि॥ ४

अर्थः-(विष ते शुं ? अमृत ते शुं ? शत्रु ते शुं ? हित ते शुं ? भय ते शुं ? शरण ते शुं ? दुःख ते शुं ? सुख ते शुं ?) क्रोध तेज विष. अहिंसा तेज अमृत, मान तेज शत्रु, अप्रमाद तेज हित, माया तेज भय, सत्य तेज शरण. लोभ तेज दुःख, संतोष तेज सुख, ॥ ४ ॥

बुद्धी अचंडं भयए विणीयं, कुद्धं कुसीलं भयए अकित्ती;
संभिन्न चित्तं भयए अलच्छी, सच्चे ठ्ठियंसं भयए सिरीय।५॥

अर्थः—विनयवंत सौम्य प्रणामीने बुद्धि भजे, क्रोधी अने कुशीळियाने अपकीर्ति भजे, भग्न चित्तवाळाने अलक्ष्मी भजे, सत्यमां स्थित थएलाने लक्ष्मी भजे. ॥ ५ ॥

चयंति मित्ताणि नरं कयग्घं, चयंति पावाइं मुणिं जयंतं;
चयंति सुक्काणि सराणि हंसा, चएइ बुद्धि कुवियं मणुस्सं।६

अर्थः—कृतघ्न पुरुषने मित्रो तजे छे, यत्नावंत मुनिने पापो तजे छे, सूकाइ गएला सरोवरोने हंस पक्षीओ तजे छे, कोपवंत मनुष्यने बुद्धि तजे छे. ॥ ६ ॥

अरोई अत्थं कहीए विलावो, असंपहारे कहीए विलावो;
विक्खित्त चित्तो कहीए विलावो, बहु कुसीसे कहीए विलावो ७

अर्थः—अरुचीवाळाने अर्थनी वात कहेवी, ते विलाप तुल्य जाणवी. अनिश्चित अर्थ कहेवो, ते विलाप तुल्य जाणवो. व्याक्षिप्त चित्तवाळाने जे कहेवुं ते विलाप तुल्य जाणवुं. कुशिष्यने घणुं कहेवुं ते विलाप तुल्य जाणवुं. ॥ ७ ॥

दुट्ठाहिवा दंड परा हवंति, विज्जाहरा मंत परा हवंति;
मुक्खा नरा कोव परा हवंति, सुसाहुणो तत्त परा हवंति॥८

अर्थः—दुष्ट राजाओ दंडवामां तत्पर होय छे. विद्याधरो मंत्र साधवामां तत्पर होय छे. मूर्ख पुरुषो कोप करवामां तत्पर होय छे. उत्तम साधुओ तत्त्व अर्थात् परमार्थमां तत्पर होय छे. ॥ ८ ॥

सोहा भवे उग्गतवस्स खंती, समाहिजोगोपसमस्स सोहा;
नाणं सुझाणं चरणस्स सोहा, सीसस्स सोहा विणए पवित्ती ९

अर्थः—उग्र तपस्यावंत क्षमाथी शोभा पामे. जे समाधियोग छे, तेज उपशमनी शोभा छे. ज्ञान अने शुभ ध्यान तेज चारित्रनी शोभा छे. विनयमां प्रवृत्ति करवी, तेज शिष्यनी शोभा छे. ॥ ९ ॥

अभूसणो सोहइ बंभयारी, अकिंचणो सोहइ दिक्खधारी;
बुद्धिजुओ सोहइ रायमंती, लज्जाजुओ सोहइ एगपत्ति १०

अर्थः—ब्रह्मचारी आभूषण विना पण शोभे छे; दिक्षाधारी अकिंचनपणे शोभे छे. राजानो मंत्री बुद्धियुक्त होय तो शोभे छे. लज्जा युक्त पतिव्रता स्त्री शोभे छे. ॥ १० ॥

अप्पा अरी होइ अणवट्ठिअस्स, अप्पा जसो सीलमओ नरस्स;
अप्पा दुरप्पा अणवट्ठियस्स, अप्पा जिअप्पा सरणं गई य ११

अर्थः—अनवस्थित चित्तवाळाने पोतानोज आत्मा वैरी होय. शीळवंत पुरुषनो आत्मा सर्व ठेकाणे जश पामे. अनवस्थित चित्तवाळाने पोतानोज आत्मा दुरात्मा जाणवो. ज्यारे आत्मा इंद्रियोने जीती मनने वश करे, त्यारे जीतात्मा संसारथी व्हीता प्राणीओने आश्रयभूत थाय. ॥ ११ ॥

न धम्मकज्जा परमत्थि कज्जं, न पाणिहिंसा परमं अकज्जं;

न पेमरागा परमत्थि बंधो, न बोहिलाभा परमत्थि लाभो १२

अर्थः–धर्मकार्यो समान उत्कृष्ट कार्य नथी. जीवहिंसा समान उत्कृष्ट अकार्य नथी. प्रेमराग समान उत्कृष्ट बंधन नथी. बोधिलाभ समान उत्कृष्ट लाभ नथी. ॥ १२ ॥

न सेवियव्वा पमया परक्का, न सेवियव्वा पुरिसा अविज्जा;
न सेवियव्वा अहिमानि हीणा, न सेवियव्वा पिसुणा मणुस्सा १३

अर्थः–डाह्या पुरुषे पारकी स्त्री न सेववी. विद्या रहित पुरुषोने न सेववा. अभिमानी तथा नीच पुरुषोने न सेववा. चाडिया पुरुषोने न सेववा. ॥ १३ ॥

जे धम्मिया ते खलु सेवियव्वा, जे पंडिया ते खलु पूछियव्वा;
जे साहुणो ते अभिवंदियव्वा, जे निम्ममा ते पडिलाभियव्वा १४

अर्थः–जे पुरुषो धर्मवंत होय, ते पुरुषो निश्चे सेववा. जे पुरुषो पंडित होय, ते पुरुषो निश्चे पूछवा योग्य जाणवा. जे साधु मुनिराज छे, ते सर्व प्रकारे वांदवा योग्य जाणवा. जे साधुओ निर्मम होय तेवा मुनिराजोने अशनादिक वहोराववा। १४।

पुत्ता य सीसाय समं विभत्ता, रिसी य देवाय समं विभत्ता;
मुख्खा तिरिख्खा य समं विभत्ता, मुआ दरिद्दा य समं विभत्ता ॥

अर्थः—डाह्या पुरुषे पुत्रो अने शिष्यो, ए बेउ सरखा जाणवा. ऋषी अने देवो ए बेउ सरखा जाणवा. मूर्खों अने तिर्यंचो ए बेउ सरखा जाणवा. मरण पामेला अने दरिद्रि ए बेउ सरखा जाणवा. ॥ १५ ॥

सव्वा कला धम्मकला जिणाइं, सव्वा कहा धम्मकहा जिणाइं;
सव्वं बलं धम्मबलं जिणाइं, सव्वं सुहं धम्मसुहं जिणाइं॥१६॥

अर्थः—सर्व कळाओने धर्मनी कळा जीतनारी जाणवी. सर्व कथाओने धर्मनी कथा जीतनारी जाणवी, सर्व बळने धर्मनुं बळ जीतनारुं जाणवुं, सर्व प्रकारना सुखने धर्मनुं सुख जीतनारुं जाणवुं. ॥ १६ ॥

जूए पसत्तस्स धनस्स नासो, मंसं पसत्तस्स दयाइ नासो;
मज्जं पसत्तस्स जसस्स नासो, वेसा पसत्तस्स कुलस्स नासो॥१७॥

अर्थः—जे प्राणी जूवटु रमवामां आसक्त होय, ते प्राणीने धननो नाश थाय. जे प्राणी मांसमां आसक्त होय, ते प्राणीने दयानो नाश थाय. जे प्राणी मदिरामां आसक्त होय, ते प्राणीनो जश नाश पामे. जे प्राणी वेश्यामां आसक्त होय, ते प्राणीना कुळनो नाश थाय. ॥ १७ ॥

हिंसा पसत्तस्स सुधम्म नासो, चोरी पसत्तस्स सरीर नासो;
तहा परत्थिसु पसत्तयस्स, सव्वस्स नासो अहमा गई य॥१८॥

अर्थः—जे प्राणी जीवहिंसामां आसक्त होय, ते प्राणीना भला धर्मनो नाश थाय. जे प्राणी चोरीमां आसक्त होय ते प्राणीना शरीरनो नाश थाय. तेमज जे प्राणी परस्त्रीमां आसक्त होय ते प्राणीना सर्व द्रव्यनो अथवा सर्व गुणनो नाश

थाय; एटलुंज नहि परंतु अधमगति पण पामे. ॥ १८ ॥

दाणं दरिद्दस्स पहुस्स खंति, इच्छा निरोहोय सुहोइयस्स;
तारुन्नए ईंदिय निग्गहो य, चत्तारि एआणि सुदुक्कराणि १९

अर्थः—दरिद्र अवस्थामां दान देवुं ते दुष्कर. प्रभुत्वपणामां क्षमा राखवी ते दुष्कर. सुखोचित प्राणोने इच्छानो रोध करवो ते दुष्कर, तरुणावस्थामां इंद्रियनो निग्रह करवो ते दुष्कर छे. ॥ १९ ॥

असासयं जीविय-माहु लोए, धम्मं चरे साहु जिणोवईट्ठं;
धम्मोय ताणं सरणं गई य, धम्मं निसेवित्तु सुहं लहंति॥२०॥

अर्थः—लोकमां जीवितव्यने आशाश्वत कह्युं छे. जिनेश्वर महाराज अने साधु मुनिराजना उपदेशेला धर्ममां प्रवर्तो. ए धर्म त्राण शरणभूत अने रुडीगतिने आपनारो छे. एवा धर्मने जे प्राणी सेवे छे, ते प्राणी शाश्वत सुखने पामे छे. ॥२०॥

श्री आत्मावबोध कुलकं.

धम्मप्पहारमणिज्जे पणमित्तु जिणे महिंद नमणिज्जे;
अप्पावबोहकुलयं वुच्छं भवदुहकयपलयं ॥ १ ॥

अर्थः-आत्म प्रभावडे रमणीय अने महेंद्रोवडे नमनीय एवा जिनेंद्रोने प्रणाम करी भवदुःखनो प्रलय करनारुं आ आत्मावबोध (अनुभव) कुलक कहीश. ॥ १ ॥

अत्तावगमो नज्जई सयमेव गुणेहिं किं बहु भणसि;
सूरुदओ लखिज्जई पहाइ न उ सवहनिवहेणं ॥ २ ॥

अर्थः-जेम सूर्यउदय सूर्यनी प्रभाथी जणाय छे, प्रभा सिवाय सोगन खावाथी पण ते जणातो नथी, तेम आत्मबोध आत्म गुणोवडेज पोतानी मेळे जणाइ आवे छे. परंतु आत्मगुण विना संख्याबंध सोगन खावाथी आत्मबोध थतो नथी माटे वधारे शा माटे बोलो छो ? ॥ २ ॥

दम सम समत्त मित्ती संवेअ विवेअ तिव्व निव्वेआ;
एए पगूढअप्पा-वबोहबीअस्स अंकुरा ॥ ३ ॥

अर्थः-इंद्रिय दमन, मनोविकार शमन, सम्यकत्व, मैत्री, संवेग, अने तीव्र निर्वेद ए सर्वे आत्मबोधरुपी बीजना अंकुरा छे. ॥३॥

जो जाणइ अप्पाणं, अप्पाणं सो सुहाणं नहु कामी;
पत्तम्मि कप्परुक्खे, रुक्खे किं पथ्थणा असणे ॥ ४ ॥

अर्थः-जे आत्माने जाणे छे, तेओ (संयोग वियोग धर्मवाळां संसारनां) अल्प सुखोना कामी नथी होता. जेने कल्पवृक्ष प्राप्त थयुं होय ते असन वृक्षनी प्रार्थना करे. ॥ ४ ॥

निअविन्नाणे निरया, निरयाइ दुहं लहंति न कयावि;
जो होइ मग्गलग्गो कहं सो निवडेइ कूवंम्मि ॥ ५ ॥

अर्थः—आत्मविज्ञानमां निरंतर रक्त एवो जीव नरक, तिर्यंच, मनुष्य अने देवतानां दुःखो कदापि पण पामतो नथी. कारण के जे आत्मविज्ञानरुपी—स्वसंवेदनरुपी सीधी सडकपर जाय छे, ते जीव (नरकादि जेमां छे, एवा संसाररुपी) कूवामां केम पडे ? ॥ ६ ॥

तेसिं दूरे सिद्धी रिद्धी रणरणयकारणं तेसिं;
तेसिमपुण्णा आसा जेसिं अप्पा न विन्नाओ ॥ ६ ॥

अर्थः—जेणे आत्मा जाण्यो नथी, तेनी आशा अपूर्ण रहे छे, तेने लीधे सिद्धि तेनाथी दूर रहे छे अने लक्ष्मी तेने दुःखनुं कारण थाय छे. ॥ ६ ॥

ता दुत्तरो (र) भवजलही ता दुज्जेओ महालओ मोहो;
ता अइविसमो लोहो जा जाओ न (नो) निओ बोहो॥७॥

अर्थः—भवसमुद्र दुस्तर त्यां सुधीज छे के ज्यां सुधी महा विस्तारवाळो मोह दुर्जय छे, अने लोभ पण त्यां सुधीज विषम छे के ज्यां सुधी आत्मबोध नथी थयो. ॥ ७ ॥

जेण सुर अ(रा)सुरनाहा हहा अणाहुव्व वाहिया सोवि;

अज्झप्पझाणजलणे पयाइ पयगत्तणं कामो ॥ ८ ॥

अर्थः—आहा ! जेणे सुरेंद्रोने अने असूरेंद्रोने अनाथनी पेठे पीडित कर्या छे, ते प्रबळ काम पण अध्यात्म ध्यान-नी अग्निमां पतंगीआनी पेठे भस्म थइ जाय छे. ॥ ८ ॥

जं बद्धं पि न चिठ्ठइ, वारिज्जंतं वि सदइ असेसा (तंपि पसरइ असेसे)
झाणबलेणं तं पि हु सयमेव विलिज्जई चित्तं ॥ ९ ॥

अर्थः—जे बांध्या छतां पण एक स्थाने रहेतुं नथी, वार्या छतां पण चारे बाजुए फर्या करे छे; तेवुं दुर्जय—या चपळ मन पण आत्म ध्यानना बळवडे पोतानी मेळे शांत थाय छे. ॥ ९ ॥

बहिरंतरंगभेया विविहा वाही न दिंति तस्स दुहं;
गुरुवयणाओ जेणं सुहझाण रसायणं पत्तं ॥ १० ॥

अर्थः—जेणे सद्गुरुना वचनथी उपदेशायेलुं शुद्ध ध्यानरुपी रसायण प्राप्त कर्युं छे, तेने बहिरंग (रागादि) अने अंतरंग (कामक्रोधादि) विविध प्रकारनी व्याधिओ दुःख आपी शकती नथी. ॥ १० ॥

जिअमप्पचिंतणपरं न कोइ पीडेइ अहव पीडेइ;
ता तस्स नत्थि दुक्खं रिणमुक्खं मन्नमाणस्स ॥ ११ ॥

अर्थः—जे जीव आत्म चिंतनमां तत्पर थयेल होय, तेने कोइ पीडा नथी करतुं, अथवा पीडा करे तोपण दुःख

नथी थतुं, कारण के ते दुःखोथी पोताने पण मुक्त थयेलो माने छे. ॥ ११ ॥

आ. दुक्खाण खाणी खलु रागदेसा, ते हुंति चित्तंमि चलाचलंमि; कु.

३७ अज्झप्पजोगेण चएइ चित्तं, चलत्तमालाणि अकुञ्जरुव्व १२

अर्थः—खरेखर रागद्वेष ए दुःखोनी खाणो छे. तेनी उत्पत्ति चित्तनी चलायमान अवस्थामां थाय छे. जेम स्थंभे बांधेलो हाथी (जवा आववाना) चपळपणानो त्याग करेछे; तेम अध्यात्म योगथी चित्त चपलतानो त्याग करे छे. ॥१२॥

एसो मित्तममित्तं एसो सग्गो तहेव नरओ अ;

एसो राया रंको अप्पा तुट्ठो अतुट्ठो वा ॥ १३ ॥

अर्थः—आत्मा तुष्टमान थयो तो मित्र छे, स्वर्ग छे, अने राजा पण छे, अने जो अतुष्टमान थयो तो शत्रुछे, नरक छे, तेमज रंक पण छे. आम आत्मानी उत्तम या अधम स्थितिथीज उत्तम या अधम परिणाम आवे छे. ॥ १३ ॥

लद्धा सुरनररिद्धि विसया वि सया निसेविआणेण;

पुण संतोसेण विणा किं कत्थ वि निव्वुई जाया ॥ १४ ॥

अर्थः—आ जीवे देवोनी अने मनुष्योनी ऋद्धि पण मेळवी, अने सदा विषयो पण वारंवार सेव्या, तथापि संतोष विना कोइ पण ठेकाणे जरा पण जीवने शांति थइ नहि. ॥ १४ ॥

जीव! सयं चिअ निम्मिअ-तणुधणरमणीकुटुंबनेहेणं; ३७

मेहेण व दिणनाहो छाइज्जसिं तेअवंतो वि ॥ १५ ॥

अर्थः—जेम तेजवान सूर्य पण मेघवडे आच्छादित थाय छे, तेम हे जीव, तुं लोकालोक प्रकाशक एवो ज्ञान प्रकाशे करी तेजवान छे, छतां पोतानी मेळेज उत्पन्न करेला—निर्मेला शरीर, धन, स्त्री कुटुंबना स्नेहथी आच्छादित थाय छे.

जं वाहिवालवेसानराण तुह वेरिआण साहीणे;
देहे तत्थ ममत्तं जिअ! कुणमाणो वि किं लहसि? ॥१६॥

अर्थः—आ देह, व्याधि. व्याल-सर्पादि अने अग्नि वगेरे तारा (बाह्यांतरंग) शत्रुओने स्वाधीन छे. ते देह उपर ममत्व करवाथी तने शुं फायदो थाय छे ? ॥ १६ ॥

वरभत्तपाणण्हाण य सिंगारविलेवणेहिं पुट्ठो वि;
निअपहुणो विहडंतो सुणएण वि न सरिसो देहो ॥१७॥

अर्थः--उत्तम भोजन, पान, स्नान, शृंगार, लेपनादिथी पोषण (पुष्टि) कर्या छतां, पोताना मालिकने छोडी ज-नार श्वानना सरखो पण गुण तेमां नथी. ॥ १७ ॥

कट्ठाइ कडुअ बहुहा जं धणमावज्जिअं तए जीव!
कट्ठाइ तुज्झ दाउं तं अंते गहिअमन्नेहिं ॥ १८ ॥

अर्थः--हे जीव ! बहु बहु प्रकारे अणगमतां कष्टो सहन करी तें जे धन उपार्जन कर्युं ते धने तने तो कष्टज आप्युं अने मृत्युबाद तेने बीजाएज ग्रहण कर्युं. ॥ १८ ॥

जह जह अन्नाणवसा धणधन्नपरिग्गहं बहुं कुणसि;
तह तह लहुं निमज्जसि भवे भवे भारिअतरि व्व ॥ १९ ॥

अर्थः-हे जीव ! जेम जेम तुं अज्ञान दशाथी धनधान्यादि परिग्रह घणो एकठो करे छे, तेम तेम प्रमाणथी अधिक भार भरेला नावनी माफक तुं तरतज भवोभवमां डुबे छे. ॥ १९ ॥

जा सुविणे वि हु दिट्ठी हरेइ देहीण देहसव्वस्सं;
सा नारी मारी इव चयसु तुह दुबलत्तेणं ॥ २० ॥

अर्थः--मानसिक दुर्बळपणाथी स्वप्न विषे देखवा मात्रथी पण जे स्त्री मनुष्यना देहनुं सर्वस्व हरी ले छे, ते स्त्रीने खुन करनारी जाणी (रोग विशेषरूप जाणी) तुं तेनो त्याग कर. ॥ २० ॥

अहिलससि चित्तसुद्धिं रज्जसि महिलासु अहह मूढत्तं;
नीलीमिलिए वत्थंमि धवलिमा किं चिरं ठाई ॥ २१ ॥

अर्थः—मन शुद्धिनी अभिलाषा राखे छे अने स्त्रीओ विषे आसक्त थाय छे. अहा ! शुं तारुं मूढ-पणुं ! गळीनी साथे मळेला वस्त्रमां धोळाश केटलो वखत टकी शकशे ? ॥ २१ ॥

मोहेणं भवदुरिए बंधिअ खित्तोसि नेहनिगडेहिं;
बंधवमिसेण मुक्का पाहरिआ तेसु को राओ? ॥ २२ ॥

अर्थः--मोह राजाए तने स्नेह-रुपी बेडीओथी बांधी संसाररुप बंदीखानामां नाख्यो छे. आ बंधुओना (मातापिता, सगा संबंधी वगेरेना) व्हानाथी (नाशी न जाय माटे) पहेरेगीर मूक्या छे, माटे संसारमां पूरी राखनार ते बांधवादिपर शो राग करवो?

धम्मो जणओ करुणा माया भाया विवेगनामेणं;
खंति पिआ सप्पुत्तो गुणो कुटुंबं इमं कुणसु ॥ २३ ॥

अर्थः--धर्म एज पिता, करुणा तेज माता, विवेक नामनो भ्राता, क्षमा ए प्रिय स्त्री, अने ज्ञान, दर्शन, चारित्रादि गुणरुप उत्तम पुत्रोने तुं तारुं अंतरंग कुटुंब बनाव. ॥ २३ ॥

अइपालिआइ पगइत्थिआइ जं भाभिओसि बंधेउं;
संते वि पुरिसकारे न लज्जसे जीव! तेणंपि ॥ २४ ॥

अर्थः--हे जीव ! तारामां पुरुषाकार (पुरुषार्थ) होवा छतां पण अति पालन करेली एवी कर्म प्रकृतिरुप स्त्रीओए तने बांधी चार गतिमां परिभ्रमण कराव्यो, तेथी तने (हजी) पण शुं लज्जा नथी आवती ? ॥ २४ ॥

सयमेव कुणसि कम्मं तेण य वाहिज्जसि तुमं चेव;

रे जीव! अप्पवेरिअ अन्नस्स य देसि किं दोसं ॥ २५ ॥

अर्थः--तुं पोतेज कर्म करे छे अने तेनाथीज निश्चय चारे गतिमां परिभ्रमण करे छे. ते छतां हे आत्मवैरी जीव ! तुं बीजाने (कर्मने) शा माटे दोष आपे छे ? ॥ २५ ॥

तं कुणसि तं च जंपसि तं चिंतसि जेण पडसि वसणोहे;
एयं सगिहरहस्सं न सक्किमो कहिउ मन्नस्स ॥ २६ ॥

अर्थः--हे आत्मन् ! तुं तेवां काम करे छे, तेवा शब्द बोले छे अने तेवा विचार करे छे, के जेथी दुःखना समुद्रमांज जइ पडे छे. आ पोताना घरनी छूपी वात बीजाने कहेवाने हुं शक्तिमान् नथी, अर्थात् घरनी गुप्त वात बीजे हुं शुं कहुं ? (एवुं समता पोताना पतिने कहे छे.) ॥ २६ ॥

पंचिंदियपरा चोरा मणजुवरन्नो मिलित्तु पावस्स;
निअनिअअत्थेनिरता मूलट्ठिइ तुज्झ लुंपंति ॥ २७ ॥

अर्थः--हे आत्मन् ! पोतपोताना विषयमां आसक्त आ पांच इन्द्रियरूप महान् चोर, पापी मनरूप युवराजनी साथे मळी तारी (ज्ञान, दर्शन, चारित्रादि) मूळ स्थितिने अर्थात् तारा आत्मगुण रुप मूळ धनने लूंटी छे छे. ॥ २७ ॥

हणिओ विवेगमंती भिन्नं चउरंगधम्मचक्कंपि;
मुठ्ठं नाणाइधणं तुमंपि छूढो कुगइकूवे ॥ २८ ॥

अर्थः-एओए आ विवेकरुपी मंत्रीने हणी नाख्यो, चतुरंग धर्मचक्रने (मनुष्यजन्म, धर्मश्रवण, श्रद्धा अने संयमवीर्यरुपने) पण भेदी नाख्युं, ज्ञानादि धनने लूटयुं अने तने पण दुर्गति कूपमां नाख्यो. ॥ २८ ॥

इत्तिअ कालं हुंतो पमायनिद्दाइगलियचेअन्नो;
जइ जग्गिओसि संपइ गुरूवयणा ता न वेएसि ॥ २९ ॥

अर्थः-आटला काळ सुधी तुं प्रमादरुप निद्राए करी गलित चेतनवाळो थइ गयो हतो, परंतु हवे जो, तुं जाग्रत थयो छे, तो गुरुना वचनोथी तारुं स्वरुप तुं केम जाणतो नथी ? ॥ २९ ॥

लोगपमाणोसि तुमं नाणमओ णंतवीरिओसि तुमं;
निय रज्जठिइं चिंतसु धम्मज्झाणासणासीणो ॥ ३० ॥

अर्थः-हे आत्मा ! तुं लोक प्रमाण छे-ज्ञानमय छे, अनंत वीर्यवान छे, धर्मध्यानरुपी आसनपर बेसी तारी आत्म राज्य स्थिति केवी छे तेनो विचार तो कर. ॥ ३० ॥

को व मणो जुवरायाको, वारायाइ (रज्जपब्भंसो) रजापझंसो;
जइ जग्गिओसि संपइ परमेसर पइस चेअन्नो (चेअन्नं)॥ ३१॥

अर्थः-जो हमणां तुं जाग्रतज थयो छे तो तुं (तारा चेतनमां) पोतेज परमेश्वर छे, अने तेम छे तो पछी अवमानित मनरुपी युवराजना अने चोररुपी राजाना शा भार छे, अने तने हवे राज्यथी कोण भ्रष्ट करे एम छे ? ॥ ३१ ॥

नाणमओ वि जडो वि व पहू वि चोरु व्व जत्थ जाओ सि;
भवदुग्गमि किं तथ्थ वससि साहीण सिवनयरे ॥ ३२ ॥

अर्थः-ज्ञानमय छतां जड जेवो कां थइ गयो छे ? वळी धणी होवा छतां चोर जेवो कां बनी गयो छे ? जे भव दुर्गममां (संसाररुपी, दुःखे प्रवेशाय एवा केदखानामां) मोक्षनगर (सुखे) स्वाधिनमां होवा छतां केम वशी रह्यो छे? ३२

जथ्थ कसाया चोरा महावया सावया सया घोरा;
रोगा दुठ्ठभुअंगा आसा सरिआ घणतरंगा ॥ ३३ ॥

अर्थः-(भवरूप दुर्गम शैल-पर्वत केवो छे अने तेने लीला मात्रमां केम भेदाय ते कहे छे.) ज्यां चोरो जेवा चार कषाय छे, महा भयंकर हिंसक प्राणी जेवी सदा आपदाओ वसे छे ज्यां दुष्ट सर्पो जेवा रोगो आवी रहेला छे अने घणा तरंगोवाळी नदी जेवी आशा छे, ॥ ३३ ॥

चिंताडवी सकठ्ठा बहुलतमा सुंदरी दरी दिठ्ठा;
खाणी गई अनेआ सिहराइं अठ्ठमयभेआ ॥ ३४ ॥

अर्थः-लाकडा सहित अटवी जेवी चिंता छे अने ज्यां घणाज अंधकारवाळी गुहाना जेवी स्त्री देखाय छे, अनेक खीणो होय एवी चार गतियो छे, अने जेना आठ भेद छे एवां मदनां ज्यां शिखरो छे, ॥ ३४ ॥

रयणिअरो मिच्छत्तं मणदुक्कडओ सिलातल ममत्तं;

तं भिंदसु भवसेलं झाणासणिणा जिअ सहेलं ॥ ३५ ॥

अर्थः—ज्यां राक्षस जेवुं मिथ्यात्व रहे छे, अने ज्यां मनना पापथी उत्पन्न थयेल ममत्वरुपी शिला छे, ते संसाररुपी कठिण—दुर्गम पर्वतने ध्यानरुपी वज्रवडे लीलामात्रमां हे जीव ! तुं भेदीनांख ॥ ३५ ॥

जत्थत्थि आयनाणं नाणंवि(विर)याण सिद्धसुहयंतं;
सेसं बहुं वि अहियं जाणसु आजीविआमित्तं ॥ ३६ ॥

अर्थः—ज्यां आत्मज्ञान छे, त्यां निश्चयज्ञान छे, अने सिद्ध सुखने आपनारुं पण तेज ज्ञान छे. बीजुं घणुं पण कांतो अहित करे छे, अने कांतो आजीविका मात्र छे एम जाण. ॥ ३६ ॥

सुबहु अहिअं जह जह तह तह गव्वेण पूरिअं चित्तं;
हिअअप्पबोहरहिअस्स ओसहाउ उट्ठिओ वाही ॥ ३७ ॥

अर्थः—जेम जेम अधिक भणायुं, तेम तेम गर्वथी चित्त अधिक पुरायुं अने हृदय—आत्म बोध वगरनाने ए बहु भणतररुपी औषधमांथी रोग उत्पन्न थयो. ॥ ३७ ॥

अप्पाणमबोहंता परं विबोहंति केइ तेवि जडा;
भण परियणंमि छुहिए सत्तागारेणकिं कज्जं ॥ ३८ ॥

अर्थः—आत्माने बोध कर्याविगर केटलाक बीजाने विशेष बोध करवा जाय छे, तेओ पण खरेखरा जड (मूर्ख) छे. एक बाजु पोतानो परिवार भूख्यो छे, छतां तेओने दानशाळा मांडवानुं शुं प्रयोजन छे ते तुं कहे ? ॥ ३८ ॥

बोहंति परं किंवा मुणंति कालं खरा (नरा) पठंति सुअं;
ठाण मुअंति सयावि हु विणाय बोहं पुण न सिद्धी॥३९॥

अर्थः—बीजाने बोध आपे छे, ज्योतिष वगेरेथी काळनुं स्वरुप जाणे छे, सुत्र जाणे छे, वळी सदा पोतानुं स्थान (घरबार, देश) छोडे छे, छतां तेओने आत्मज्ञान न होवाथी सिद्धि तो नथीज. ॥ ३९ ॥

अवरो न निंदिअव्वो पसंसिअव्वो कया वि न हु अप्पा;
समभावो कायव्वो बोहस्स रहस्समिणमेव ॥ ४० ॥

अर्थः—परनी निंदा न करवी. कोइ वखते पण पोतानी प्रशंसा न करवी अने समभाव राखवो. आज (आत्म)बोधनुं रहस्य छे. ४०

परसक्खित्तं भंजसु रंजसु अप्पाण मप्पणा चेव;
वज्जसु वि(विह)कहाओ जइ इच्छसि अप्पविन्नाणं॥४१॥

अर्थः—जो तने आत्मविज्ञाननी (आत्माना अनुभवनी) इच्छा होय तो बीजाना साक्षीपणाने छोडी दे, आत्माने आत्मा वडेज राजी कर, विकथा मूकी दे. ॥ ४१ ॥

तं भणसु गणसु वायसु झायसु उवइससु आयरेसु जिआ;

खणमित्तमपि विअक्खण, आयारामे रमसि जेणं॥४२॥

अर्थः–हे जीव ! ते भण, ते गण, ते वांच, तेनुं ध्यान धर, ते उपदेश, ते आचर, क्षण मात्र पण जो, के जेथी हे विचक्षण तुं आत्मरुपी बागमां रमे. ॥ ४२ ॥

इय जाणिऊण तत्तं गुरूवईट्ठं परं कुण पयत्तं;
लहिउण केवलसिरिं जेणं जयसेहरो होसि ॥ ४३ ॥

अर्थः–आ प्रकारे गुरुश्रीए उपदेशेळा तत्त्वने जाणीने प्रयत्न कर, के जेथी केवळ श्री [केवल ज्ञान] पामीने जयशेखर [आठ कर्मनो जय करनारो] थइश. ॥ ४३ ॥ ॥ इति ॥

अथ जीवानुशास्ति कुलकम्.

रे जीव! किं न बुज्झसि चउगइसंसारसायरे घोरे;
भमिओ अणंतकालं अरहट्टघडि व्व जलमज्झे ॥ १ ॥

अर्थः–हे जीव ! चारगतिरुप भयंकर संसार समुद्रमां, पाणीमां रेंटना घडाओनी पेठे अनंतकाळ सुधी तुं भम्यो [छतां] केम बोध पामतो नथी ? ॥ १ ॥

रे जीव! चिंतसि तुमं निमित्तमित्तं परो हवइ तुज्झ;

असुहपरिणामजणियं फलमेयं पुव्वकम्माणं ॥ २ ॥

अर्थः-हे जीव ! बीजो तो तने निमित्तमात्रज छे. अने आ [बधुं] अशुभ परिणामथी उत्पन्न थयेलुं, पुर्वकर्मनुं फल छे. ते तुं चिंतवे छे ? ॥ २ ॥

रे जीव ! कम्मभरियं उवएसं कुणासि मूढ ! विवरीअं;
दुग्गय(इ)गमणमणाणं एसाच्चिय हियइ(हवइ) परिणामो ३

अर्थः-हे मूढ जीव ! कर्मथी भरेलो विपरीत उपदेश तुं करे छे. दुर्गतिमां जवानी इच्छावाळाना मनमां आज परीणाम होयछे. ३

रे जीव ! तुमं सीसे ! सवणा दाऊण सुणसु मह वयणं;
जं सुक्खं न वि पाविसि ता धम्मविवज्जिओ नूणं ॥ ४ ॥

अर्थः-हे शिष्य जीव ! तुं कान दइने मारुं वचन सांभळ,-तुं सुख पामतोज नथी माटे खरेखर धर्म रहितज छे. ॥ ४ ॥

रे जीव ! मा विसायं जाहि तुमं पिच्छिऊण पररिद्धी;
धम्मरहियाण कुत्तो ? संपज्जइ विविहसंपत्ती ॥ ५ ॥

अर्थः-हे जीव ! बीजानी ऋद्धि जोइने तुं विषाद पाम नहीं. धर्म विनाना जीवने विविध प्रकारनी संपत्तिओ क्यांथी प्राप्त थाय. ५

रे जीव ! किं न पिच्छसि? झिज्झंतं जुव्वणं धणं जीअं;

तहवि हु सिग्घं न कुणासि अप्पहियं पवरजिणधम्मं ॥ ६ ॥

अर्थः—हे जीव! यौवन, धन, अने जीवितनें नाश पामतां शुं तुं नथी जोतो? तो पण आत्महितकारी श्रेष्ठ जीनधर्म खरेखर तुं नथी करतो (नथी आदरतो). ॥ ६ ॥

रे जीव ! माणवज्जिअ साहसपरिहीण दीण गयलज्ज;
अच्छसि किं वीसत्थो न हु धम्मे आयरं कुणसि ॥ ७ ॥

अर्थः—हे मान विनाना, साहस रहित, गरीबडा, निर्लज, जीव ! विश्वासवाळो थइने केम बेठो छे ! तुं धर्ममां बिलकुल आदर करतोज नथी. ॥ ७ ॥

रे जीव ! मणुयजम्मं अकयत्थं जुव्वणं च वोलीणं;
न य चिण्णं उग्गतवं न य लच्छी माणिआ पवरा ॥ ८ ॥

अर्थः—हे जीव ! निष्फळ मनुष्य जन्म, अने यौवन व्यतीत थयां, उग्र तप पण न आचर्युं अने उत्तम प्रकारनी लक्ष्मी पण न मेळवी. ॥ ८ ॥

रे जीव ! किं न कालो तुज्झ गओ परमुहं नीयंतस्स;
जं इच्छियं न पत्तं तं असिधारावयं चरसु ॥ ९ ॥

अर्थः-हे जीव ! बीजाना मोढा साम्हुं (जोइने बेसी रहेतां) जोतां तारो वखत (नकामो) नथी गयो ? जे तने इच्छित हतुं ते तो न मळ्युं माटे खड्गधारा सरखुं व्रत आदर. ॥ ९ ॥

इय मा मुणसु मणेणं तुज्झ सिरी जा परस्स आइत्ता;
ता आयरेण गिण्हसु संगोवय विविहपयत्तेण ॥ १० ॥

अर्थः-तारी लक्ष्मी पारकाने ताबे छे एम तुं मनथी न मान ते माटे आदरपूर्वक तेने (व्रतने) ग्रहण कर अने विविध प्रयत्नवडे तेनुं रक्षण कर. ॥ १० ॥

जीवं मरणेण समं उप्पज्जइ जुव्वणं सह जराए;
रिद्धी विणाससहिआ हरिसविसाओ न कायव्वो ॥ ११ ॥

अर्थः-जीवित मरणनी साथे, यौवन जरा साथे अने ऋद्धि ओ विनाश साथे उत्पन्न थाय छे, (तेथी) हर्ष के विषाद न करवो ११ इति

अथ इन्द्रियादिविकार निरोधकुलकम्.

रज्जाइभोगतिसिया अट्टवसट्टा पडंति तिरिएसुं;
जाईमएण मत्ता किमिजाइ चेव पावंति ॥ १ ॥

अर्थः-राज्यादि भोगनी तृष्णावाळा आर्त ध्यानथी पीडा पामी नरकमां पडे छे. जाति मदवडे मदोन्मत थयेला कृमि जातिमां जन्म पामे छे. ॥ १ ॥

कुलमत्ति सियालित्ते उट्टाईजोणि जंति रूवमए;

बलमत्ते वि पयंगा बुद्धिमए कुक्कडा हुंति ॥ २ ॥

अर्थः-कुळ मदवडे करीने शियालपणे, अने रूपमदे करीने उंटादिनी योनिमां उत्पन्न थाय छे. बलमदवडे पतंगीआ, अने बुद्धिमदथी कुकडा थाय छे. ॥ २ ॥

रिद्धिमए साणाइ, सोहग्गमएण सप्पकागाई;

नाणमएण बइल्ला हवंति मय अट्ठ अइदुट्ठा ॥ ३ ॥

अर्थः-रुद्धिमदे करीने कुतरा विगेरे, सौभाग्यमदे करीने सर्प कागडा विगेरे, ज्ञानमदवडे करीने बळदो थाय छे. ॥ ३ ॥

कोहणसीला सीहा माया वि बगत्तणंमि वच्चंति;

लोहिल्ल मूसगत्ते एव कसाएहिं भमडंति ॥ ४ ॥

अर्थः-क्रोधी प्राणीओ अग्निमां उत्पन्न थाय छे. मायावी बगलापणुं, अने लोभी उंदरपणुं पामे छे. ए प्रकारे कषायो वडे जीव भमे छे. ॥ ४ ॥

माणसदंडेणं पुण तंदुलमच्छा हवंति मणदुट्ठा;

सुयतित्तरलावाई होउ वायाइ बज्झंति ॥ ५ ॥

अर्थः–वळी मन दंडवडे करीने मनमां अत्यन्त दुष्ट तंदुलीया मत्स्यो थाय छे. अने वचनदंडवडे करीने पोपट, तेतर, लावरां विगेरे पक्षीओ बंधनमां पडे छे. ॥ ५ ॥

काएण महामच्छा मंजारा(उ) हवंति तह कूरा;
तं तं कुणंति कम्मं जेण पुणो जंति नरएसु ॥ ६ ॥

अर्थः–कायदंडवडे करीने क्रूर एवा मोटा मत्स्यो अने बिलाडाओ थाय छे. वळी ते ते भवोमां ते ते कर्मो करे छे के जेथी फरी नारकीमां जाय छे. ॥ ६ ॥

फासिंदियदोसेणं वणसुयरत्तंमि जंति जीवा वि,
जिहालोलुय वग्घा घाणवसा सप्पजाईसु ॥ ७ ॥

अर्थः–स्पर्शइन्द्रियना दोषथी जीवो वनमां भुंडपणे उपजे छे. जीव्हा इंद्रियमां लोलुप्त जीवो वाघ थाय छे. अने घ्राण इंद्रियने वश पडवाथी सर्पनी जातिमां उत्पन्न थाय छे. ॥ ७ ॥

नयणिंदिए पयंगा हुंति मया पुण सवणदोसेणं;
एए पंच वि निहणं वयंति पचिंदिएहिं पुणो ॥ ८ ॥

अर्थः–चक्षु इंद्रियना दोषथी पतंगीआ, अने श्रोत्र इंद्रियना दोषथी मृगो थाय छे. एम ए पांचे जीवो पंचेन्द्रियवडे फरीथी नाश पामे छे. ॥ ८ ॥

जत्थ य विसयविराओ कसायचाओ गुणेसु अणुराओ;
किरिआसु अप्पमाओ सो धम्मो सिवसुहो लोए ॥ ९ ॥

अर्थः-जेमां विषयोथी विरक्ति होय, कषायनो त्याग होय, गुणोमां प्रिति होय, क्रियाओमां अप्रमादीपणुं होय तेज जगतमां मोक्ष सुख आपवावाळो धर्म छे. ॥ ९ ॥ इति ॥

श्री कर्म कुलकं.

तेलुक्किक्कस्स मल्लस्स महावीरस्स दारुणा;
उवसग्गा कहं हुंता? न हुंतं जइ कंमयं ॥ १ ॥

अर्थः-त्रण लोकमां अद्वितीय मल्ल जेवा महावीर प्रभुने भयंकर उपसर्गो थया ते जो कर्म न होय तो केम संभवे. ॥ १ ॥

वीरस्स मिनुयग्गामे केवलिस्सावि दारूणो;
अइसारो कहं हुंतो न हुंतं जइ कम्मयं ॥ २ ॥

अर्थः-जो कर्म न होय तो श्रीमहावीर स्वामिने केवलज्ञानी छतां मिनुक गाममां भयंकर अतिसार केम थयो. ॥ २ ॥

वीरस्स अट्ठिअग्गामे अक्खाओ सूलपाणिणो;
वेअणाओ कहं हुंती न हुंतं जइ कम्मयं ॥ ३ ॥

अर्थः-कर्मनुं अस्तित्व न होय तो अस्थिक गाममां शूलपाणियक्षथी समर्थ वीरभगवानने पण वेदनाओ थइ ते केम संभवे. ३

दारुणाओ सलागाओ कन्नेसू वीरसामिणो;
पक्खिवंतो कहं गोवो न हुंतं जइ कम्मयं ॥ ४ ॥

अर्थः-जो कर्म न होय तो महावीर स्वामिना कानोमां गोवाळीए भयंकर खोला केम ठोक्या ? ॥ ४ ॥

वीसं वीरस्स उवसग्गा जिणिंदस्सावि दारुणा;
संगमाओ कहं हुंता न हुंतं जइ कम्मयं ॥ ५ ॥

अर्थः-जो कर्म न होय तो तीर्थंकर वीरपरमात्माने पण संगमदेवथी भयंकर वीस उपसर्गो केम थया. ? ॥ ५ ॥

गयसुकुमालस्स सीसंमि खाइरंगारसंचयं;
पक्खिवंतो कहं भट्टो न हुंतं जइ कम्मयं ॥ ६ ॥

अर्थः-जो कर्म न होय तो गजसुकुमालना मस्तक उपर खेरना बळता अंगारा सोमिल नामना ब्राह्मणे नांख्या ते केम घटे. ६

सीसा उ खंदगस्सावि पीलिज्जंता तया कहं;
जं तेण पालएणावि न हुंतं जइ कम्मयं ॥ ७ ॥

अर्थः–जो कर्म न होय तो ते वखते खंधक मुनिना शिष्यो पालकवडे करीने यंत्रमां केम पीलाया. ? ॥ ७ ॥

सणंकुमारपामुक्खचक्किणो वि सुसाहुणो;
वेयणाओ कहं हुंता न हुंतं जइ कम्मयं ॥ ८ ॥

अर्थः–जो कर्म न होय तो सनत्कुमार वगेरे चक्रवर्त्तिने साधु अवस्थामां पण वेदना थइ तेनु शुं कारण. ? ॥८॥

कोसंबीए नियंठस्स दारुणा अच्छिवेयणा;
धणिणो वि कहं हुंता न हुतं जइ कम्मयं ॥ ९ ॥

अर्थः–जो कर्म मानवामां न आवे तो कौशाम्बी नगरीमां धनवान छतां पूर्वावस्थामां मुनिने भयंकर नेत्र पीडा थइ हती तेनुं शुं कारण. ? ॥ ९ ॥

नमिस्संतो महादाहो नरिंदस्सावि दारुणो;
महिलाए कहं हुंतो न हुतं जइ कम्मयं ॥ १० ॥

अर्थः–नमिराजर्षिं जेवा नरेन्द्रना अंतःपुरमां भयानक मोटो दाह थयो तेनुं कर्म सिवाय शुं कारण होइ शके?१०

अंधत्तं बंभदत्तस्स सुदेवस्सावि दुस्सहं;
चक्किस्सा वा कहं हुंतं न हुतं जइ कम्मयं ॥ ११ ॥

अर्थः–देवोथी सेवाता ब्रह्मदत्त चक्रवर्त्तिने पण कर्म विना बीजा कया कारणथी दुस्सह अंधापणु प्राप्त थयुं. ॥ ११ ॥

नीयगुत्ते जिणिंदो वि भूरि पुण्णो वि भारहे;
ऊपज्जंतो कहं वीरो न हुंतं जइ कम्मयं ॥ १२ ॥

अर्थः–आ भरतक्षेत्रमां मोटा पुन्यवाळा जिनेन्द्र श्री महावीर पण नीच गोत्रमां उत्पन्न थया छे तेनुं कर्म शिवाय अन्य शुं कारण होइ शके. ? ॥ १२ ॥

अवंती सुकुमालो वि उज्जेणीए महायसो;
कहं सिवाइ खज्जंतो न हुंतं जइ कम्मयं ॥ १३ ॥

अर्थः–उज्जेयिनी नगरीमां मोटा यशवाळा अवन्ति सुकुमारनुं शीयाळीये भक्षण कीधुं तेनु कारण कर्मज होइ शके. ॥१३॥

सईए सुद्धसीलाए भत्तारा पंच पंडवा;
दोवईए कहं हुंता न हुंतं जइ कम्मयं ॥ १४ ॥

अर्थः-पवित्र शीयळवाळी सती द्रौपदिने पांच पांडवो धणी थया ते कर्म सिवाय केम बने. ? ॥ १४ ॥

मियापुत्ताइ जीवाणं कुलीणाण वि तारिसं;
महादुक्खं कहं हुंतं न हुंतं जइ कम्मयं ॥ १५ ॥

अर्थः-कुलीन एवा मृगापुत्र विगेरे केटलाक जीवोने पण तेवा प्रकारनुं दुःख थयुं छे तेनुं कारण पण फक्त कर्मज. ॥१५॥

वसुदेवाईणं हिंडी रायवंसोब्भवाण वि;
तारूण्णे वि कहं हुंता न हुंतं जइ कम्मयं ॥ १६ ॥

अर्थः-जो कर्म न होत तो, राजाना वंशमां उत्पन्न थयेला वसुदेवादिने यौवनावस्थामां केम भ्रमण करवुं पडत. ॥१६॥

वासुदेवस्स पुत्तो वि नेमिसीसो वि ढंढणो;
अलाभिल्लो कहं हुंतो न हुंतं जइ कम्मयं ॥ १७ ॥

अर्थः-वासुदेवनो पुत्र तेमज तीर्थंकर परमात्मा नेमिनाथना शिष्य ढंढणऋषिने गोचरी जवा छतां पण ते मळी नहि तेनुं कर्म सिवाय बीजुं शयुं कारण मानी शकाय. ? ॥ १७ ॥

कण्हस्स वासुदेवस्स मरणं एगागिणो वणे;
भाउयाओ कहं हुंतं न हुंतं जइ कम्मयं ॥ १८ ॥

अर्थः-वननी अंदर एकाकि कृष्ण वासुदेवनुं पोताना भाईथीज जो कर्म न होय तो मरण केम थाय. ? ॥ १८ ॥

नावारुढस्स उवसग्गो वद्धमाणस्स दारुणो
सुदाढाओ कहं हुंतो न हुंतं जइ कम्मयं ॥ १९ ॥

अर्थः-जो कर्म न मानीये तो नाव उपर चडेला श्रीमान् वर्द्धमान स्वामिने सुदंष्ट्रथी भयंकर उपसर्ग केम थाय. ? ॥ १९॥

पासनाहस्स उवसग्गो गाढो तित्थंकरस्स वि;
कमठाओ कहं हुंतो न हुंतं जइ कम्मयं ॥ २० ॥

अर्थः-तीर्थंकर परमात्मा पार्श्वनाथ महाराजने कमठथी आकरो उपसर्ग थयो तेमां कर्मज कारण छे. ॥ २० ॥

अणुत्तरा सुरासाया सुक्खसोहग्गलीलया;
कहं पावंति चवणं न हुंतं जइ कम्मयं ॥ २१ ॥

अर्थः-अनुत्तर विमानवासि श्रेष्ठ देवो जेओ के सुखनी पूरी सामग्रीथी युक्त छे ते पण च्यवी मृत्युलोकमां आवे छे तेनुं कारण कर्मज मानवुं पडशे. ॥ २१ ॥

॥ इति श्रीकर्मकुलकं संपूर्ण ॥

अथ दशश्रावक कुलकं.

वाणियगामपुरंमि, आणंदो जो गिहवई आसी;
सिवनंदा से भज्जा, दस सहसा गोउला चउरो ॥ १ ॥

अर्थः—वाणिज्यग्राम नगरमां आनंद नामे गृहस्थ हता, तेने शिवनंदा स्त्री हती अने चालीस हजार गोकुळ हतां. ॥ १ ॥

निहिविवहारकलंतरठाणेसुं कणयकोडि बारसगं;
सो सिरिवीरजिणेसरपयमूले सावओ जाओ ॥ २ ॥

अर्थः—तेनी पासे भंडारमां व्यापारमां व्याजे कुळ मळी बार क्रोड सोनैया हता, ते(आनंद)श्री महावीरजीरना चरण सेवी श्रावक थयो

चंपाई कामदेवो, भद्दाभज्जो सुसावओ जाओ;
छग्गोउल अट्ठारस, कंचण कोडीण जो सामी ॥ ३ ॥

अर्थः—चंपा नगरीमां कामदेव सुश्रावक थयो. तेने भद्रा स्त्री हती. छ गोकुल हतां अने ते अढार क्रोड सोनैयानो स्वामीहतो.॥३॥

कासीए चुलणिपिया, सामा भज्जा य गोउला अट्ठ;

चउवीस कणयकोडी, सङ्खाण सिरोमणी जाओ ॥ ४ ॥

अर्थः-काशीमां चुलनीपिता श्रावकोमां शिरोमणी थयो. तेने श्यामा स्त्री हती. आठ गोकुळ तेमज चोवीसक्रोड सोनैया तेनी पासे हता. ॥ ४ ॥

कासीई सूरदेवो, धन्ना भज्जा य गोउला छच्च;
कणयट्ठारसकोडी, गहीयवओ सावओ जाओ ॥ ५ ॥

अर्थः-काशीमां सुरदेव नामे गृहस्थ हतो तेने धन्या नामे स्त्री हती, अने छ गोकुल तथा अढारक्रोड सोनैया तेनी पासे हता, ते व्रत ग्रहण करी श्रावक थयो. ॥ ५ ॥

आलभियानयरीए, नामेणं चुल्लसयगओ सङ्खो;
बहुलानामेण पिया, रिद्धी से कामदेवसमा ॥ ६ ॥

अर्थः-आलभिका नगरीमां चुल्लशतक नामे श्रावक थयो, तेने बहुला नामनी स्त्री हती अने तेनी ऋद्धि कामदेवना सरखी हती.

कंपिल्लपट्टणंमि, सङ्खो नामेण कुंडकोलियओ;
पुस्सा पुण जस्स पिया, विहवो सिरिकामदेव समो ॥७॥

अर्थः-कांपिल्यपुरमां कुंडकोलिक नामे श्रावक हतो वळी तेने पुष्या नामे स्त्री हती अने तेनो वैभव कामदेव श्रावकना समान हतो.७

सद्दालपुत्तनामो, पोलासंमी कुलालजाईओ;
भज्जा य अग्गिमित्ता, कंचणकोडीण से तिन्नि ॥ ८ ॥

अर्थः–सद्दालपुत्र नामना श्रावक पोलासमां कुंभार जातीना थया तेने अग्निमित्रा स्त्री हती अने त्रणक्रोड सोनामहोरो तेनीपासेहतो

चउवीस कणयकोडी, गोउल अट्ठेव रायगिहनयरे;
सयगो भज्जा तेरस रेवइ अडसेस कोडीओ ॥ ९ ॥

अर्थः–चोवीस क्रोड सोनैया, अने आठ गोकुल वाळो राजग्रह नगरीमां शतक (श्रावक) हतो तेने रेवती आदि तेर स्त्रीओ हती. तेमां रेवती आठक्रोड सोनामहोर लावी हती अने बाकीनी एकेक क्रोड लावी हती. ॥ ९ ॥

सावत्थीनयरीए, नंदणिपियनाम सड्ढओ जाओ;
अस्सिणिनामा भज्जा, आणंदसमो य रिद्धीए ॥ १० ॥

अर्थः–श्रावस्ती नगरीमां नन्दनीप्रिय नामे श्रावक थयो, तेने अश्विनी नामे स्त्री हती, अने ते ऋद्धिमां आनंद समान हतो. १०

सावत्थीवत्थव्वो, लंतगपिय सावगो य (जो प) वरो;
फग्गुणि नाम कलत्तो, जाओ आणंदसम विहवो ॥ ११ ॥

अर्थः-श्रावस्ती नगरीमां कान्तकप्रिय नामे श्रेष्ठ श्रावक वसतो हतो तेने फल्गुनी नामे स्त्री हती ते विभवमां आनंद सरखो हतो. ॥ ११ ॥

इक्कारस पडिमधरा, सवि वीरपय कमलभत्ता;
सव्वे वि सम्मदिट्ठी, बारसवयधारया सव्वे ॥ १२ ॥

अर्थः-ए सर्व श्रावको अग्यार प्रतिमाने धारण करनार, महावीर स्वामीना चरण सेवी, सम्यग्दृष्टी अने बार व्रतने धारण करवा वाळा हता. ॥ १२ ॥

अथ इरियावहि कुलकं.

नमवि सिरिवद्धमाणस्स पयपंकयं सेविअ जिअभमरगण निच्चपरिसेविअं। चउरगइजीवजोणीण खामणकए भणिमु कुलयं अहं निसुणिअं जह सुए ॥ १ ॥

अर्थः-जीवरुपि भ्रमरना समूहथी नित्य सेवायेला महावीर प्रभुना ते (प्रसिद्ध) चरणकमळने नमीने तथा सेवीने चार गतीना जीवनी योनीओ खमाववाने माटे जेम सिद्धान्तमां सांभळेलुं छे तेम कुळकने कहुंछुं. ॥ १ ॥

नारयाणं जिआ सत्तनरय(उब्भ)भवा, अपज पज्जत्त भे-एहिं चउदसधूवा । पुढविअपतेयवाउवणईणं तया, पंच ते सुहूम थूला य दस हूंतया ॥ २ ॥

अर्थः—नरकना जीवोना सात नरक पृथ्वीना भेदे सात प्रकार छे. ते पर्याप्ता अने अपर्याप्ता मळीने कुल चउद भेद थाय तथा पृथ्वीकाय, अप्काय तेजसकाय वायुकाय अने साधारण वनस्पति ए पांच भेद सूक्ष्म अने बादर ए बन्ने मळी दश भेद थाय छे. ॥ २ ॥

अपजपज्जत्तभेएहिं वीसं भवे, अपज पजत्त पत्तेयवणस्सइ दुवे । एम एगिंदिआ वीस दोजुत्तया अपजपज्ज बिंदितेइंदि चउरिंदिया ॥ ३ ॥

अर्थः-अपर्याप्ता अने पर्याप्ता ' ए बन्ने प्रकारे दश भेदो ' होवाथी वीस भेद थाय छे तथा अपर्याप्त अने पर्याप्त ए बे भेदे प्रत्येक वनस्पति छे. ए प्रकारे एकेन्द्रियना कुल २० भेद थाय छे पर्याप्त अने अपर्याप्त बेइंद्रि, तेइंद्रि अने चौरिंद्रियना छ भेद थाय छे. ॥ ३ ॥

नीरथलखेअरा उरगपरिसप्पया भुयगपरिसप्प सन्निसन्नि पंचिंदिया । दसवि ते पज्ज अपजत्त वीसं तया तिरिय

सव्वे डयालीस भेया मया ॥ ४ ॥

अर्थः-संज्ञी पंचेद्रिय, अने असंज्ञी पंचेद्रियं प्रत्येकना जळचर, स्थलचर, खेचर, उरः परिसर्प, भुजपरिसर्प ए पांच भेद होवाथी दश भेद थाय छे अने पर्याप्त अने अपर्याप्तना भेदथी २० भेद थाय छे, सर्व मळी तिर्यंचना ४८ भेद थायछे.।४।

पंचदस कम्मभूमीय सुविसालया तीस अकम्मभूमी असुह कारया । अंतरदीवा तह पवर छप्पण्णयं मिलिय सय महियमेगेण नरठाणयं ॥ ५ ॥

अर्थः—सुविशाल एवी पंदर कर्म भूमीमां उत्पन्न थयेला अने सुख करवावाळी त्रीश अकर्म भूमिमां उत्पन्न थयेला अने छप्पन्न अंतर द्वीपमां उत्पन्न थयेला मनुष्योना १०१ भेद थाय छे. ॥ ५ ॥

तत्थ अपजत्त पज्जत्त नरगब्भया, वंतापित्ताइ असन्निअ-पजत्तया।मिलियसव्वेवि तेतिसय तिउत्तरा मणुयजम्मंमि इय हुंति विविहप्पयरा ॥ ६ ॥

अर्थः—तेमां पर्याप्त अने अपर्याप्त एवा बे भेद गर्भज मनुष्यना छे तेथी २०२ भेद थया तथा मनुष्यना वमन पित्तादिकमां उत्पन्न थयेला १०१ भेद अपर्याप्त संमूर्छिम मनुष्यना थाय छे सर्व मळी ते ३०३ मनुष्यना भेद थायछे.।६।

भवणवई देव दस पनर परहम्मिया, जंभगा दसय तह सोल वंतरगया । चरथिरा जोइसया चंदा सूरा गहा तहय नख्खत्त तारा दस भावह ॥ ७ ॥

अर्थः—भवनपति देवोना दश भेद, पंदर परमाधार्मिकना, दश तिर्यगजृंभकना तथा सोल व्यंतरना चंद्रःसूर्य ग्रह नक्षत्र अने तारा ए पांच चर ज्योतिषि अने पांच स्थिर ज्योतिषी मळी दश भेद थया. ॥ ७ ॥

किब्बिसा तिण्णि सुर बार वेमाणिया, भेय नव नवय गेविज्ज लोगंतिया । पंच आणुत्तरा सुरवरा, ते जुया एगहीणं सयं देवदेवीजुयं ॥ ८ ॥

अर्थः--किल्बिष देवना त्रण भेद, बार भेद वैमानिकना, नव ग्रैवेयकना, अने नव लोकान्तिकना, पांच भेद अनुत्तरना ते बधा जोडतां देव अने देवीओ सहीत नवाणुं थाय छे. अने ॥ ८ ॥

अपज पज्जत्त भेएहिं सओठाणुआ, भवणवणजोइवेमाणिया मिलिया । अहिअ तेसठ्ठी सविं हुंति ते पणसया,

अभिहयापयदसयगणिअ जायातया ॥ ९ ॥

अर्थः--पर्याप्त अपर्याप्त भेदे भुवनपति व्यंतर ज्योतिष अने वैमानिक ए चारेना एकसोने अठाणुं भेदो थाय छे. बधा मळीने जीवना पांचसो ने त्रेसठ भेदो थाय छे अभिहयादिक दश पदोए गुण्या त्यारे. ॥ ९ ॥

पंचसहसा छसय भेय तीसाहिया, रागदोसेहिं ते सहस एगारसा । दुसय सट्ठीत्ति मणवयणकाएपुणो, सहस ते तीस सयसत्त असिई घणो ॥ १० ॥

अर्थः-पांच हजार छसोने त्रीश थाय, राग अने द्वेष ए भेदे गुणतां अग्यार हजार बसो अने साठ थाय, मन वचन अने काया ए त्रणे गुणीए त्यारे तेत्रीश हजार सातसोने एंशी थाय. ॥ १० ॥

करणकारणअणुमईसंजोडिया, एगलक्खह इगसहस तिसय चालीसया । कालतिअगणिय तिन्निलक्ख च उसहसया वीसहिअ इरिअ मिच्छामिदुक्कड पया ॥ ११ ॥

अर्थः--करवुं, कराववुं, अने अनुमोदवुं ए त्रण भेदे गुणवाथी एक लाख एक हजार त्रणसोने चाळीश थाय. अने त्रण काळे गुणतां त्रण लाख चार हजार वीश इरियावहिना मिच्छामि दुक्कडंना भेदो थाय. ॥ ११ ॥

ईणपरि चउरगइमाहिं जे जीवया, कम्मपरिपाकि नव नवियजोणीठिया। ताह सव्वाह कर करिय सिर उप्परे देमि मिच्छामिदुक्कडं बहु बहु परे॥ १२॥

अर्थः--आ प्रमाणे पोतपोताना कर्म विपाकने अनुसारे जुदी जुदी जातनी योनिओमां रहेला चार गतिमां जे जीवो छे ते दरेकने मस्तक उपर हाथ मुकीने बहु प्रकारे मिच्छामि दुक्कडं दउं छुं. ॥ १२ ॥

इअ जिअ विविहप्परि मिच्छा दुक्कडि करिहि जि भविआ सूहुमणाति छिंदिअ भवदुहं पामिअ सुरसुहं सिद्धिनयरि सुहं लहईघणं॥ १३॥ इति इरियावहि कुलकं॥

अर्थः--ए प्रकारे जे भविक सारा मनवडे करीने त्रिविध प्रकारे जीवो प्रत्ये मिथ्या दुष्कृत करे ते भवनां दुःख छेदीने, देवतानुं सुख पामीने मोक्ष नगरीनुं अत्यंत सुख मेळवे छे. ॥ १३ ॥

॥ इति इरियावहि कुलकं संपूर्ण ॥

अनुक्रमणिका.

अंक.	कुलकनुं नाम.	शरु पाने.	गाथा.
१	गुणानुराग	१	२८
२	गुरुप्रदक्षिणा	५	१८
३	संविज्ञ साधुयोग्य नियम	८	४७
४	पुण्य प्रभावदर्शक पुण्य	१५	१०
५	दान	१६	२०
६	शीळ	१९	२०
७	तप	२२	२०
८	भाव	२५	२१
९	अभव्य	२९	९
१०	पुण्यपाप	३०	१६
११	गौतम	३२	२०
१२	आत्मावबोध	३५	४३
१३	जीवानुशास्ति	४२	११
१४	इंद्रियादि विकार निरोध	४३	९
१५	कर्म	४५	२१
१६	दशश्रावक	४८	१२
१७	इरियावहिय	४९	१३